Vaibhav Prints
8/16, M. K. Amin Marg, 22, Patel Bldg.,
Fort, Mumbai - 400 001.
Tel.: (022) 2267 8185, 5576 5982
E-mail : vaibhav_prints@yahoo.co.in

શ્રીમદ્વલ્લભાચાર્યચરણપ્રણીતં

શ્રીકૃષ્ણાશ્રયસ્તોત્ર

(ગુજરાતી અનુવાદ)



◆ આદ્યસંપાદક ◆
ગો.વા. શ્રીહરિકૃષ્ણ શાસ્ત્રી

શ્રી જયદેવ પ્રભુ ચેરીટેબલ
એન્ડ એજ્યુકેશનલ ટ્રસ્ટ
સુધારેલી કિંમત ....40 (forty)
સહિ ....

શ્રીમદ્‌વલ્લભાચાર્યચરણપ્રણીતં

શ્રીકૃષ્ણાશ્રયસ્તોત્ર

(ગુજરાતી અનુવાદ)

✤ પ્રકાશક ✤
જયદેવપ્રભુ એજ્યુકેશનલ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ
અધ્યક્ષ : પૂ.પા.ગો. ૧૦૮ શ્રીચન્દ્રગોપાલજી મહારાજ
(વીરમગામ-કામવન)

પુસ્તક પ્રકાશન સહાય : રૂ. ~~૬૦~~/-
પ્રત : ૩૦૦
પ્રકાશન સમય : ૨૦૦૫

✤ આદ્યસંપાદક ✤
ગો.વા. શ્રીહરિકૃષ્ણ શાસ્ત્રી

✤ ચતુર્થ આવૃત્તિ સંપાદક ✤
પૂ.પા.ગો. શ્રીકનૈયાલાલજી મહારાજ
(વીરમગામ-કામવન)

શ્રીનૂતન વૈષ્ણવ મિત્ર મંડળ, મુંબઈ.

✤ મુદ્રક ✤
વૈભવ પ્રિંટ્સ
ટેલીફોન : ૨૨૬૭ ૮૧૮૫ / ૫૫૭૬ ૫૯૮૨

ની.લી. બહુજી સૌ. શ્રીસૂર્યપ્રભાજી શ્રીચન્દ્રગોપાલજી
ની સ્મૃતિમાં

૧. ની.લી. ગો. શ્રીમથુરેશજી શ્રીચન્દ્રગોપાલજી
૨. ગો. શ્રીવ્રજેશકુમારજી શ્રીચન્દ્રગોપાલજી
3. ગો. શ્રીકનૈયાલાલજી શ્રીચન્દ્રગોપાલજી
૪. ચિ. ગો. શ્રીરઘુનાથજી (શ્રીપરિતોષજી) શ્રીમથુરેશજી

(વીરમગામ-કામવન)

* * *

॥ श्री कृष्णाय नमः ॥
॥ श्रीगोपीजनवल्लभाय नमः ॥
॥ श्रीमदाचार्यचरणकमलेभ्यो नमः ॥

कृष्णाश्रयस्तोत्र.

महानुभावगोस्वामिश्रीमत्कल्याणरायचरणप्रणीतप्रकाशानुसारिगुर्जरानुवादसमेत.

ટીકાકાર મઙ્ગલાચરણ કરે છે -

यल्लीलालवसंस्पर्शान्न रोचन्तेन्यदाशिषः ।
तं राधाहृदयानन्ददायकं कृष्णमाश्रये ॥ १ ॥
यत्कृपादृष्टितो जन्तुर्गोविन्दं विन्दते मुदा ।
भक्त्याहं तान्निजाचार्यानभिवन्देर्थसिद्धये ॥ २ ॥

અર્થ :- જેની લીલાના થોડા પણ સમ્યક્ સમ્બન્ધ થવાથી (જીવને) બીજાં સુખો રુચતાં નથી તે, શ્રીરાધાહૃદયના આનન્દદાતા શ્રીકૃષ્ણનો હું આશ્રય કરું છું. ૧.

જેનાં કૃપાકટાક્ષથી પામર જીવ (પણ) અનાયાસે શ્રીગોવિન્દને પ્રાપ્ત કર છે તે, નિજ આચાર્યચરણને હું (કલ્યાણરાયજી) અર્થસિદ્ધિ માટે (નિર્વિઘ્નપણે ગ્રંથ સમાપ્ત થવા રૂપ અર્થ) ભક્તિથી અભિવંદન કરું છું. ૨.

ग्रन्थकरणप्रयोजन -

શ્રીકૃષ્ણનો આશ્રય સર્વસાધક હોવાથી નિજ જનોને 'કૃષ્ણાશ્રય એટલે શું?' તે ઉપદેશવા શ્રીમદાચાર્યચરણ કૃષ્ણાશ્રયસ્તોત્રનું

નિરૂપણ કરે છે, અને તેમ કરતાં શ્રીમદાચાર્યચરણ જાણે કે નિજ જીવોને વરપ્રદાન કરતા હોય કે શું? (કારણ કે કૃષ્ણનો આશ્રય સાધનબલે થઇ શકતો નથી.)

કૃષ્ણાશ્રયમાં દશ શ્લોકો કેમ? કૃષ્ણાશ્રયસ્તોત્રમાં દશ શ્લોકો છે તેના હેતુઓ ચાર છે. (૧) હાલ કલિકાલમાં દેશ, કાલ, દ્રવ્ય, મંત્ર, કર્તા, કર્મ આ સાધનષટ્કથી ધર્માદિ પુરુષાર્થો સાધી શકાતા નથી, કારણ કે તે સાધનો કલિમાં દુર્લભ થઇ પડ્યાં છે. એટલે ભક્તોના દેશાદિ છયે સાધનરૂપ અને ધર્મ, અર્થ, કામ તથા મોક્ષ આ ચારે પુરુષાર્થરૂપ ભગવાન હોવાથી ભગવદીયોએ ભગવદાશ્રય છોડીને ધર્માદિ ચારે પુરુષાર્થની આકાઙ્ક્ષા તથા દેશાદિ સિદ્ધ કરવાની મનોવૃત્તિ કરવી નહિ. એવી એક આજ્ઞા કરવા, (૨) જેનો આશ્રય કરવાનો છે તે શ્રીકૃષ્ણ સર્ગવિસર્ગાદિ દશવિધ લીલાના કર્તા છે, એવી દ્વિતીય આજ્ઞા કરવા, (૩) સાત્વિકસાત્વિક, સાત્વિકરાજસ, સાત્વિકતામસ, રાજસરાજસ, રાજસસાત્વિક, રાજસતામસ, તામસતામસ, તામસરાજસ, તામસસાત્વિક આ નવ સગુણ અને એક નિર્ગુણ એમ દશવિધભક્તસેવ્ય શ્રીકૃષ્ણ છે એવી તૃતીય આજ્ઞા કરવા, (૪) દશવિધ પ્રાણોથી જ જેમ બધું સાધી શકાય છે તેમ કૃષ્ણાશ્રય જ તમારું ઐહિકામુષ્મિક બધું સાધી આપશે આવી ચતુર્થ આજ્ઞા કરવા શ્રીમદાચાર્યચરણ દશ શ્લોકોવડે પ્રાર્થનાવ્યાજે[1] શ્રીકૃષ્ણનું સ્તવન કરે છે.

ઉપર્યુક્ત દેશાદિ છ સાધનોમાં મુખ્ય અઙ્ગ કાલ હોવાથી તે પુરુષાર્થોને અસાધક કેવી રીતે છે તે નિરૂપણ કાલધર્મનું નિરાકરણ

---

[1] વાણીના અધિપતિ શ્રીકૃષ્ણની સ્તુતિ પણ શું કરી શકાય, તેથી અત્ર આચાર્યશ્રી 'કૃષ્ણ મારા આશ્રય હો' એવું પ્રાર્થનાનું બહાનું કરીને આ સ્તોત્રનું નિરૂપણ કરે છે.

કરીને "**सर्वमार्गेषु**" ઇત્યાદિ શ્લોકવડે આચાર્યશ્રી આશ્રયની પ્રાર્થના કરે છે.

सर्वमार्गेषु नष्टेषु कलौ च खलधर्मिणि ।
पाषण्डप्रचुरे लोके कृष्ण एव गतिर्मम ॥ १ ॥

श्लोकार्थः-कलौ કલિકાલ **खलधर्मिणि (सति)** ખલધર્મયુક્ત થયે સતે **च** અને (તેથી જ) **लोके** દુનિયા **पाषण्डप्रचुरे (सति)** પાખણ્ડ જેમાં બધાં કરતાં વિશેષ છે એવી થયે સતે **सर्वमार्गेषु** કર્મ, જ્ઞાન વિગેરે બધા માર્ગો **नष्टेषु (सत्सु)** નષ્ટપ્રાય થયા છે **कृष्णः** સદાનંદ શ્રીકૃષ્ણ **एव** જ **मम** મારી **गतिः** ગતિ (**अस्तु** -થાઓ.)

प्रकाशः- કલિકાલ ખલધર્મી બનવાથી-જેમાં અન્દર દુષ્ટતા છે એવા ધર્મવાળો બનવાથી- **खरधर्मिणि** આવો પણ પાઠ સ્વીકારાયેલો છે ત્યાં-જેની ચેષ્ટા દુઃસહ થઇ પડી છે એવો કલિકાલ પ્રવર્ત્યે સતે. "**कृषिर्भूवाचक**" ઇત્યાદિ વાક્યનિરૂપ્ય સદાનન્દ પુરુષોત્તમ જ મારી ગતિ-આશ્રય-ઐહિક પારલૌકિક અર્થસાધક-હો. બધી દુનિયા પાખણ્ડ જ જેમાં બધાં કરતાં અધિક છે એવી બની ગઇ છે માટે જ બધા માર્ગો-કર્મ જ્ઞાન વગેરે પુરુષાર્થનાં સાધનો-લગભગ નાશ પામ્યાં છે. (માટે સમય તરફ અવલોકતાં શ્રીકૃષ્ણ જ આશ્રયણીય છે.) કર્માદિ માર્ગો નષ્ટપ્રાપ્ય બન્યા તેનો પ્રકાર આમ છે- આધ્યાત્મિક યજ્ઞાદિ કર્મ કરનારને ચિત્તશુદ્ધિદ્વારા આત્મસુખ-અન્તઃકરણની પ્રસન્નતા થવી-એ જેનો અર્થ છે એવું સ્વર્ગ મળે એવો વૈદિક સિદ્ધાન્ત છે. તેમાં પાખણ્ડે પ્રવેશ કરીને આત્મસુખવાચક 'સ્વર્ગ' શબ્દનો લોકત્વેન ભ્રમ ઉત્પન્ન કર્યો, એટલે કર્મમાર્ગથી થતી ચિત્તશુદ્ધિ અટકી. (અર્થાત્ કર્મમાર્ગ જે ભગવત્પ્રાપ્તિનું સાધન હતો તેને સંસાર જ જેનું ફલ છે એવા

પ્રવાહમાર્ગનું સાધન બનાવી દીધો.) એ જ પ્રમાણે માયાવાદનો આગ્રહ પકડીને જ્ઞાનમાર્ગનું, નિરીશ્વરવાદનો અંગીકાર કરીને યોગમાર્ગનું, અને વિભૂતિપરક હોવાથી ઉપાસનામાર્ગનું મુખ્ય ફલ સાધકપણું જતું કર્યું એટલે તે માર્ગો નષ્ટ જેવા થઈ ગયા. (આ કલિકાલની બલિહારી છે.)

શ્લોકમાં **च** ધર્યો છે તેનું તાત્પર્ય એવું છે કે મહાદેવ વિગેરે બીજા દેવો કલિકાલને અનુકૂલ રહેલા છે તેથી, તેમ જ **एव** પદ ધરેલું છે તેનો અન્વય અત્ર વિશેષ્ય-કૃષ્ણ-જોડે હોઈને કૃષ્ણાતિરક્તિનું વ્યવચ્છેદ કરનારું છે તેથી, અંશ, કલા કે વિભૂતિરૂપે આપ મારા આશ્રય ન થજો પણ પૂર્ણ સ્વરૂપે જ, એવું બન્ને પદનું સમુદિત તાત્પર્ય છે. શ્રીમહાપ્રભુજીને આશ્રય સિદ્ધ હતો તથાપિ 'કૃષ્ણ જ મારા આશ્રય હો' એવી પ્રાર્થના આપશ્રી કરે છે, તે અન્યાર્થક છે, એટલે કે અસ્મદાદિક જીવોના માટે છે તેથી પ્રાર્થના દોષાવહ નથી. અર્થાત્ એકત્ર "કોઈ કાર્યમાં પ્રભુ પાસે પાર્થના કરવી નહિ," આમ કર્યા માત્રમાં પ્રાર્થનાના નિષેધકર્તા આપશ્રીમાં અન્યત્ર પ્રાર્થનાકર્તૃત્વે દોષસંભાવના કરવી નહિ.

शङ्काः- "ભક્તિમાર્ગીય જીવોને પણ કલિકાલ તો બાધ કરશે, કારણ કે તેઓ પણ ગૃહાદિમાં આસક્ત હોય છે, લૌકિકી ક્રિયાઓ કરે છે એટલે તેઓને પણ પાપ લાગવાનો સંભવ રહે છે તો પછી ભક્તિમાર્ગનું ઉદ્ધારપણું તથા મુખ્યફલસાધકપણું અને તેને લઈને સર્વોત્કૃષ્ટપણું પણ ક્યાં રહ્યું? તે પણ કર્માદિમાર્ગનીસમાન થયો એટલે ભક્તિમાર્ગીય આશ્રય કર્યે પણ શું?" ત્યાં સમાધાન-તમોએ બતાવેલાં દૂષણોનો ભક્તિમાર્ગમાં અભાવ છે તેથી કલિકાલ ભક્તિમાર્ગીય જીવોનો બાધક નથી પણ (ભક્તિમાર્ગમાં) સ્વલ્પકાળ

વડે જ ફલસિદ્ધિ થતી હોવાથી ઉલટો ભક્તિમાર્ગીયોનો સાધક છે. આ રહ્યાં તેવાં વાક્યો-ભા. ૧૨-૩-૫૧-૫૨. "હે રાજન્, કલિકાલ દોષનો નિધિ છે તથાપિ તેમાં એક મહાન ગુણ સમાયેલો છે કે કૃષ્ણના કીર્તનથી જ મનુષ્ય કર્મબંધનથી છૂટીને મોક્ષપ્રાપ્તિ કરે છે." "હે રાજન્, સત્ય યુગમાં નિરન્તર વિષ્ણુનું ધ્યાન ધરવાથી, ત્રેતામાં યજ્ઞોવડે વિષ્ણુનું યજન કરવાથી અને દ્વાપરમાં ઉપાસના કરવાથી જે ગતિ પ્રાપ્ત થતી હતી તે જ ગતિ કલિકાલમાં કેવલ હરિના નામ સંકીર્તનથી પ્રાપ્ત થાય છે." "ગુણજ્ઞ સારગ્રાહી આર્યો કલિની પ્રશંસા કરે છે, કારણ કે કલિમાં કેવલ કૃષ્ણ સંકીર્તનથી જ બધો સ્વાર્થ પ્રાપ્ત થાય છે." વિગેરે.

ભગવદીયોને ગૃહાદિક બન્ધનનાં કારણ થતાં નથી. ભા. ૧૦-૨-૩૭. દેવતાઓ સ્તુતિ કરે છે કે, "હે ભગવન્, જે લોકો આપનાં મંગલમય નામ તથા રૂપનું શ્રવણ કરે છે, કીર્તન કરે છે તથા બીજાઓને સંસ્મરણ કરાવે છે, પોતે ધ્યાન ધરે છે અને પોતાની સમગ્ર ક્રિયાઓ કરતી વખતે પણ આપનાં જ ચરણ કમળમાં ચિત્તને લગાડી રાખે છે તેવાઓને ફરીને સંસારમાં આવવું પડતું નથી." વળી ભા. ૪-૩૦-૧૯ માં રાજા પ્રાચીનબર્હિના પુત્રોને ભગવાન્ ઉપદેશ આપે છે કે, "હે રાજકુમારો, જે મનુષ્યો ગૃહસ્થાશ્રમમાં રહીને સત્કર્મો કરે છે અને મારી જ ચર્ચામાં દિનરાત વ્યતીત કરે છે તેવાઓને સંસાર બંધનકર્તા થતો નથી." તેમ જ બ્રહ્માજીએ પણ ભગવાનની સ્તુતિ કરતાં કહ્યું કે "હે કૃષ્ણ, જ્યાંસુધી મનુષ્યો સંપૂર્ણ રીતે આપના થયા નથી ત્યાં સુધી તેઓને રાગાદિ ચોરોથી ભય રહે છે, ઘર કારાગૃહ સમાન રહે છે અને મોહ બેડી સમાન રહે છે," વિગેરે વાક્યોથી સિદ્ધ થાય છે કે

ભગવદીયોનાં ગૃહ વગેરે ભગવદર્થ જ હોવાથી તે તેઓને બંધનકર્તા થતાં નથી.

ભગવદીયોની લૌકિકી ક્રિયાઓ દેખાવમાં લૌકિકી હોય છે પણ તે બધી અલૌકિક તુલ્ય જ સમજવી. કારણ કે ભા. ૧-૫-૩૪ માં નારદજી વ્યાસજીના પ્રતિ કહે છે કે, "બધાં જ કર્મો જન્મ મરણની જ જાલમાં ફસાવનારાં છે એટલે કે કર્મ દ્વારા કર્મબન્ધનથી છૂટવાની આશા રાખવી વ્યર્થ છે, તથાપિ જો તે કર્મો કૃષ્ણપ્રીત્યર્થ કરાય તો અવશ્ય મોક્ષદાયક બને." આ પ્રમાણાનુસાર ભગવદીયોનાં કર્મો કૃષ્ણપ્રીત્યર્થ જ થતાં હોવાથી લૌકિક દેખાતાં છતાં અલૌકિક તુલ્ય માનવાં.

ભગવદીયોને સેવા કરતાં જો વૈદિકી ક્રિયાનો સમય ન સચવાય તો પ્રત્યવાય લાગતું નથી. કહ્યું છે કે, "મારી સેવા કરતાં બીજાં વૈદિક કર્મોનો કાલલોપ પણ થઈ જાય તો તે ભગવત્સેવાપરાયણ ભગવદીયનું તે લુપ્તકાલ કર્મ ત્રણ કરોડ મહર્ષિઓ કરી લે છે." ઈત્યાદિ વાક્યોથી સિદ્ધ થાય છે કે ભગવત્સેવા વિગેરે કરતાં વૈદિક કર્મ યથા સમય ન પણ બની આવે તો પ્રત્યવાય લાગતો નથી, તેમજ "હૃદયમાં પધારીને બધું પાપ ધોઈ નાંખે છે," "તે ભગવદીયો મારા દંડને પાત્ર થતા નથી." વિગેરે વાક્યોથી એમ પણ સિદ્ધ થાય છે કે કદાચિત્ પાતક સંભવે તો પણ તે પાતકનાં ફલ નરકાદિ ભગવદીયોને ભોગવવાં પડતાં નથી, ભગવદીયો કીર્તનાદિકથી જ પાપોનો નાશ કરી નાંખે છે માટે.

પ્રપત્તિમાર્ગનિષ્ઠ જીવોથી કદાચિત્ આચારાદિક ન પળાતા હોય તો પણ ફલસિદ્ધિ થાય છે. એ બાબતમાં અર્જુનના પ્રતિ ભગવાન આજ્ઞા કરે છે કે "હે અર્જુન, બધા ધર્મોનો પરિતઃ ત્યાગ કરી દઈને

મારે એકને શરણે જા." "અત્યન્ત દુરાચારી હોય પણ અનન્ય થઈને મને ભજનાર સાધુ જ માનવો, કારણ કે તેનો નિશ્ચય સુન્દર છે." આ ભગવદ્વાક્યોથી, તેમ જ "આ લોકમાં મિથ્યાચારી, આશ્રમવિનાનો પણ ભગવદ્ભક્ત સમગ્ર લોકને પવિત્ર કરે છે, જેમ સૂર્ય ઉદય પામીને સમગ્ર લોકને પાવન કરે છે તેમ." વળી ભા. ૧૧-૨-૩૫ "હે રાજન્ , ભગવદ્ ધર્મોમાં આસ્થા રાખનારો ક્યારે પણ પ્રમાદી થતો નથી એટલું જ નહિ પણ આંખો બંધ કરીને દોડે તોપણ તે ક્યાંય ઠોકર ખાતો નથી તેમ પડતો એ નથી." વિગેરે વાક્યો પ્રપત્તિમાર્ગમાં આચારાદિકના અભાવમાં પણ ફલસિદ્ધિનાં સૂચક છે.

ભક્તિજ સમસ્ત સિદ્ધિઓનું જીવન છે. ભા.૧-૨-૮ માં કહ્યું છે કે, "હે મહર્ષિઓ, સારી રીતે અનુષ્ઠાન કરાયેલાં યજ્ઞાદિક કર્મો પણ યદિ ભગવાનમાં ભક્તિ ઉત્પન્ન ન કરે તે તે કેવલ શ્રમ જ છે." "સત્ય અને દયાથી યુક્ત ધર્મ તથા તપથી મેળવેલી વિદ્યા પણ મારી ભક્તિથી વિહીન મનુષ્યને સારી રીતે પવિત્ર કરી શકતાં નથી." "અચ્યુતના ભાવવિનાનું નિરંજન જ્ઞાન પણ બરોબર શોભતું નથી, તો શ્રીકૃષ્ણને અર્પણ ન કરાયેલું કર્મ તો ક્યાંથી જ શોભે? પછી ભલેને તે કામનારહિત કરવામાં આવેલું હોય." ભા. ૧-૬-૩૫. "વિવિધ કામનાઓથી હણાયેલા પુરુષનો આત્મા જે પ્રકારે શ્રીમુકુન્દની સેવા કરીને શાન્તિ પ્રાપ્ત કરે છે તે પ્રકારે યમનિયમાદિ સંપન્ન યોગમાર્ગોથી પ્રાપ્ત કરતો નથી," બ્રહ્મસ્તુતિમાં બ્રહ્માજીએ પણ પ્રતિપાદન કર્યું કે, "હે પ્રભો ! સકલ કલ્યાણકારિણી આપની ભકિતને છોડીને જેઓ પ્રેમ વિનાના કેવલ શુષ્ક જ્ઞાન માટે ક્લેશ સહન કરે છે તેઓને પરિણામમાં પણ ક્લેશ જ બાકી રહે છે, બીજું કંઈ નહિ, જેમ ધાન્ય વિનાનાં ફોતરાં

ખાંડનારને પરિણામમાં ફોતરાંનું ચૂર્ણ અને થકાવટ જ પ્રાપ્ત થાય છે તેમ" આ વિવિધ પ્રમાણોથી, તેમ જ "જેમ જલચર પ્રાણીઓનું જીવન જલ મનાયેલું છે તેમ સકલસિદ્ધિઓનું જીવન ભક્તિ મનાયેલી છે." આ બૃહન્નારદીય વાક્યથી પણ સિદ્ધ થાય છે કે ભક્તિ વિનાનાં કર્મ, જ્ઞાન વિગેરે કશું સાધી શકતાં નથી પણ ભક્તિનો સહકાર મેળવીને જ. તેથી ભક્તિ જ સકલ સિદ્ધિઓનું જીવન છે.

ભક્તિ કેવલ પણ સર્વસાધિકા છે - ભા. ૧૧-૨૦-૩૨-૩૩ માં ભગવાને ઉદ્ધવજીને સમજાવ્યું છે કે "હે ઉદ્ધવ! કર્મકાણ્ડ, તપ, જ્ઞાન, વૈરાગ્ય, યોગ, દાન અને એવાં બીજાં પણ કલ્યાણનાં સાધનો દ્વારા જે જે સિદ્ધ કરી શકાય છે તે બધું મારો ભક્ત અનાયાસે ભક્તિયોગે જ પ્રાપ્ત કરે છે," તેમ જ ગીતામાં-"હે અર્જુન! આર્ત, જીજ્ઞાસુ, અર્થાર્થી અને જ્ઞાની આ ચાર પ્રકારના પુરુષો મને ભજે છે." વળી શ્રીભાગવતમાં શુકદેવજી પણ આજ્ઞા કરે છે કે "અકામ હો વા સર્વકામ હો, યા મોક્ષકામ હો, ચતુર પુરુષે તીવ્ર ભક્તિયોગથી પરપુરુષને ભજવા" બ્રહ્માજીએ પણ ભક્તિની પ્રશંસા કરતાં કહ્યું છે કે, "જે લોકો જ્ઞાન મેળવવા માટે શ્રમ ન કરતાં ભગવદીયોના મુખથી નીકળેલી આપની પવિત્ર કથાઓનું કર્ણથી શ્રવણ કરે છે તથા દેહ મન અને વાણીથી તેનો આદર કરતાં જીવન વ્યતીત કરે છે તેવા ભક્તો હે અજીત, જો કે આપ ત્રિલોકમાં અજીત છો તો પણ આપને સહજમાં જીતી લે છે." "શ્રીપતિ ભગવાન્ પ્રસન્ન થયે શું ન મળે, તથાપિ હે રાજન્! ભગવદીય સેવા સિવાય કશું ચાહતા નથી." "સર્વ દુઃખહર્તા પ્રભુ પોતાના ભક્તને રૂપ, આરોગ્ય અને અર્થ પણ આપે છે," આ બધાં વાક્યો નિઃસહાય પણ ભક્તિ સર્વસાધિકા છે એમ બતાવે છે.

ભક્તિ સર્વસાધિકા છે એટલું જ નહિ પણ પોતે પણ ફલરૂપા છે. એ બાબતમાં નીચેનાં વાક્યો પુષ્ટિ આપે છે. ભા. ૨-૧-૯. શ્રીશુકદેવજી આજ્ઞા કરે છે કે "નૈર્ગુણ્યમાં પરિનિષ્ઠિત એવા પણ મેં પ્રભુની લીલાથી આકૃષ્ટચિત્ત થઈને ભાગવત ભણ્યું," વળી ભા. ૧-૭-૧૦ " શ્રીહરિના ગુણો જ એવા મનોમોહક છે કે આત્મામાં રમણ કરનારા જીવન્મુકતોને પણ પ્રભુમાં નિષ્કામ ભક્તિ કરવાની ઈચ્છા થાય છે" તેમ જ ભા. ૨-૨૫-૩૪ માં કપિલદેવજી નિજ માતૃચરણને ઉત્તમ ભક્તિનું લક્ષણ ઉપદેશતાં આજ્ઞા કરે છે કે "મારી ચરણસેવામાં તત્પર રહેનારા, મારા માટે જ બધાં કર્મો કરનારા અને બધા સમયમાં એકત્ર થઈને પરસ્પર પ્રેમપૂર્વક મારી કથા કહેવામાં આનન્દ પ્રાપ્ત કરનારા એવા વિરલ ભગવદીયો મારી સાથે એકાત્મભાવની-મોક્ષની-પણ ઈચ્છા રાખતા નથી," ઈત્યાદિ વાક્યો ભક્તિ પોતે જ ફલરૂપા છે એ સિદ્ધાન્તને સુદઢ કરે છે.

હાલના સમયમાં કર્માદિ માર્ગોના અધિકાર ચાલ્યા ગયેલા હોવાથી અને અધિકારસંપન્નેજ કરેલું કર્મ ફલદાયક થતું હોવાથી કર્માદિ માર્ગો ભક્તિમાર્ગમાં રહીને જ કરવામાં આવે તો અધિકારીભેદે તે તે માર્ગોનું પણ ગૌણ અથવા મુખ્ય ફલ મળવા સંભવ છે. કારણ કે ભક્તિમાર્ગમાં ભગવદીયોનો અનુગ્રહ જ અધિકારસંપાદક છે. આ જ વાત નિબંધમાં શ્રીમદાચાર્યચરણોએ ઉપદેશેલી છે કે "હાલમાં કલિમાં બધા અધિકાર તો નિવૃત્ત થયા છે પણ, પ્રેમપૂર્વક જો કૃષ્ણ સેવાય તો તે કૃષ્ણસેવકને કલિ ફલસાધક થાય." આ વાક્યોથી એમ પણ સમજાય છે કે કર્માદિસાધ્ય ફલ ભક્તિમાર્ગમાં અનિચ્છયા પણ ભક્તને પ્રાપ્ત થાય છે, જ્યારે ભક્તિસાધ્ય ફલ બીજા માર્ગોથી સંભવતું નથી. ત્યારે ભક્તિમાર્ગમાં કર્માદિ તુલ્યતાનો ગંધ પણ ક્યાં રહ્યો.

शङ्काः- "પૂર્ણ ભક્તિમાર્ગનું કર્માદિ માર્ગો કરતાં ઉત્કૃષ્ટપણું ભલે હો પરન્તુ અર્ધકૃતનું તો કર્માદિ તુલ્યત્વ જ હોવું જોઈએ." ત્યાં સમાહિતિઃ- "વિષ્ણુ સતત્ સ્મરવા જોઈએ ક્યારે પણ વિસ્મરવા ન જોઈએ આ પ્રકારે સતત્ વિષ્ણુસ્મરણ કરનારના બધા વિધિ અને નિષેધ કિંકર થઈ જાય છે," "જે માર્ગમાં સ્મૃતિમાત્રથી સકલ કલ્યાણનું ભાજન પ્રભુ બને છે તે અજન્મા પુરુષ શ્રીહરિને હું શરણે જાઉં છું" "હે શ્રીકૃષ્ણ, હે શ્રીકૃષ્ણ, હે શ્રીકૃષ્ણ, એમ જે મને સદા સ્મરે છે તે જીવનો, જલને ભેદીને કમલ જેમ, તેમ હું નરકથી ઉદ્ધાર કરી લઉં છું," "હે માધવ, આપના જનો બીજાઓની પેઠે જન્મ મરણના ચક્રમાં પડતા નથી," "બધાં શાસ્ત્રોનું મંથન કરીને અને ફરી ફરી તેનો વિચાર પણ કરીને એક વાત નિશ્ચિત કરી કે નારાયણ સદા ધ્યેય છે" ઈત્યાદિ વાક્યો ભક્તિ સંપૂર્ણાંશે ન કરાયેલી હોય પણ થોડી પણ કરવામાં આવી હોય તો પણ ફલસાધિકા છે, એમ બતાવે છે. જ્યારે કર્માદિમાં તેવું નથી. માટે પ્રકૃત વિષયમાં આટલાં પ્રમાણો બસ છે.॥ ૧ ॥

शङ्काः- પવિત્ર દેશોમાં સ્થિતિ કરવાથી પણ ધર્માદિ પુરુષાર્થની સિદ્ધિ કરી શકાય છે અને તમો તો બીજાં બધાં સાધનોનો નિષેધ કરીને કેવળ કૃષ્ણના આશ્રયી બનવાનું કહો છો તે કેમ! એવી આશંકા કરીને પવિત્ર સ્થલો પણ પુરુષાર્થસાધક રહ્યાં નથી એવી આજ્ઞા કરવા "**म्लेच्छाक्रान्तेषु**" ઈત્યાદિ શ્લોકે આચાર્યશ્રી આશ્રયની પ્રાર્થના કરે છે.

म्लेच्छाक्रान्तेषु देशेषु पापैकनिलयेषु च ।
सत्पीडाव्यग्रलोकेषु कृष्ण एव गतिर्मम ॥ २ ॥

શ્લોકાર્થ :- **देशेषु** દેશો **म्लेच्छाक्रान्तेषु** (**सत्सु**) મ્લેચ્છો વડે આક્રાન્ત-વ્યાપ્ત-થયા છે, **च** અને **पापैकनिलयेषु** પાપીઓનાં અથવા પાપનાં પ્રધાનસ્થાન બન્યા છે, અને વળી **सत्पीडाव्यग्रलोकेषु** સત્પુરુષોને થતી આફત જોઈને બધા લોકો જ્યાં કિંકર્તવ્યવિમૂઢ બન્યા છે (માટે) **कृष्णः** કૃષ્ણ **एव** જ **मम** મારી **गतिः** ગતિ (**अस्तु** થાઓ.)

प्रकाशः- દેશો નીચ જાતિની સત્તા નીચે દબાયેલા છે. "મ્લેચ્છો-યવનો-પણ ન્યાયથી વર્તનારા હોય તો શું દોષ?" ત્યાં આપ આજ્ઞા કરે છે કે મ્લેચ્છો તો મૂર્તિમાન પાપ જ બન્યા છે. અને પવિત્ર દેશો તેવા પાપરૂપ મ્લેચ્છોનાં મુખ્ય સ્થાન બન્યા છે. બીજી રીતે અર્થ કરીએ તો દેશો મુખ્ય પાપીઓનાં અથવા પાપનાં ઘર બન્યા છે. ત્રીજી રીતે, અઙ્ગાં બઙ્ગા આદિ દેશો મ્લેચ્છોથી દબાયેલા છે અને પાપનાં પણ મુખ્ય સ્થાન બનેલા છે કે જ્યાં જવા માત્રથી પુનઃ સંસ્કાર કરવો પ્રાપ્ત થાય. **शङ्काः**- "પુણ્ય દેશોમાં પણ વાણિયા વિગેરે લોકો સારા હશે, પછી પાપીઓ જોડે આપણને શું મતલબ?" ત્યાં આજ્ઞા કરે છે કે, વણિક આદિ લોકો પણ ધર્માચરણ કરનારાઓ ઉપર પડતું દુઃખ જોઈને કિંકર્તવ્યવિમૂઢ બની ગયા છે. એટલે કે સ્વધર્મનિષ્ઠને થતું દુઃખ તો તેને પ્રત્યક્ષ છે તેથી સ્વધર્માચરણ ન કરવું? કે લૌકિક કર્મ ન કરવું આનો નિર્ણય તેઓ કરી શકતા નથી. અર્થાત્ સદ્ધર્મથી સારૂં જ થશે એવો નિશ્ચય તેઓનો જતો રહેલો હોવાથી ધર્મવિષયક શ્રદ્ધાદિના અભાવે ધર્મ સાધનારને તેઓ સહાય પણ થતા નથી. (માટે કૃષ્ણાશ્રય સિવાય પવિત્ર દેશો ઉપર પણ પોતાના ઉદ્ધારનો આધાર રાખવો નિરર્થક છે.) કૃષ્ણના આશ્રયીને દેશો પણ અનુકૂલ બને છે. માટે જ શ્રીમદ્ભાગવતમાં દેવોએ કૃષ્ણસેવા કરવા ભારત દેશમાં જન્મ લેવાની ઈચ્છા કરી. તે વાક્ય આ પ્રમાણે છે. (ભા. ૫-૧૯-૨૧.)

"અહો !! આ મનુષ્યોએ શું સુકૃત કર્યું હશે? કે જેઓના ઉપર પ્રભુએ સ્વયં પ્રસન્ન થઈને ભારત દેશમાં મુકન્દસેવોપયોગી દેહ આપ્યો, અમે પણ ભારતમાં આવો જન્મ પામવા ઈચ્છા રાખીએ છીએ" આવી રીતે પુણ્યદેશોમાં સ્થિતિ કરવાથી પણ પુરુષાર્થસિદ્ધિ થતી ન હોવાથી કૃષ્ણનો આશ્રય જ કરવો પ્રાપ્ત થાય છે. માટે મારા આશ્રય કૃષ્ણ જ હો. ॥ ૨ ॥

शङ्काः- ગઙ્ગાદિ તીર્થો પણ સર્વપુરુષાર્થ સિદ્ધ કરનારાં મનાયાં છે, તો પછી કેવલ આશ્રયની જ પ્રાર્થના શા માટે? એમ આશંકા કરીને પૂર્વોક્ત દેશાદિ છ સાધનોમાંનું તૃતીય સાધન દ્રવ્ય[1] પણ ફલસિદ્ધિ કરતું નથી એમ બતાવવા "**गङ्गादि**" ઈત્યાદિ શ્લોક વડે તીર્થોનું અસાધકત્વ નિરૂપણ કરે છે.

गङ्गादितीर्थवर्येषु दुष्टैरेवावृतेष्विह ।
तिरोहिताधिदैवेषु कृष्ण एव गतिर्मम ॥ ३ ॥

श्लोकार्थः-**इह** આ કલિકાલમાં **गङ्गादितीर्थवर्येषु** ગંગા વિગેરે શ્રેષ્ઠ તીર્થો **दुष्टैः** દુષ્ટો વડે **एव** જ **आवृतेषु (सत्सु)** ઘેરાયેલાં છે તેથી **तिरोहिताधिदैवेषु** જેઓમાંનું આધિદૈવિક સ્વરૂપ તિરોધાન પામ્યું છે, માટે **कृष्णः** કૃષ્ણ **एव** જ **मम** મારી **गति** ગતિ **(अस्तु** હો.)

प्रकाशः- ગંગા વગેરે મુખ્ય તીર્થો દુષ્ટોવડે જ વિંટાયલાં છે. **शङ्काः**- "ગંગાદિ તીર્થોમાં બ્રાહ્મણ વગેરે પણ સ્થિતિ કરે છે તો પછી તીર્થો દુષ્ટો વડે જ આવૃત છે એ કેમ?" સમાધાનઃ- બ્રાહ્મણાદિકની સ્થિતિ ત્યાં કાયમ થતી હોવાથી અતિપરિચયને લીધે

---

[1] અમુક ખાસ ભાગમાં વહેતા પ્રવાહને જ તીર્થપણું હોવાથી આધ્યાત્મિક દેવતારૂપે તીર્થ અને દ્રવ્ય કહેવાય.

તીર્થોમાં તેઓની આદર બુદ્ધિ રહેતી નથી, તેમ જ દાન દક્ષિણા વગેરે મેળવવાની ઉપાધિયો વડે જ તેઓ ત્યાં સ્થિતિ કરતા હોવાથી તેઓનું પણ દુષ્ટપણું જ સમજવું. "સર્વવિધિ દોષને દૂર કરનારાં તીર્થો ત્યાં બિરાજે છે તો પછી તેઓમાં દુષ્ટતા કેમ કહી શકે એવી શંકા કરવી નહિ. કારણ કે તેઓમાં રહેલા ભગવાનથી બહિર્મુખપણું તથા નાસ્તિકતા વિગેરે દોષોનું નિવારણ તીર્થો પણ કરી શકતાં નથી. તે નીચેનાં વાક્યોથી સ્પષ્ટ થશે. "સૌ વખત સારી રીતે મૃત્તિકા લગાડીને જન્મથી પ્રારંભીને પ્રતિદિન સ્નાન કરનારો પણ ભાવદુષ્ટ મનુષ્ય, સંપૂર્ણ ગંગાના જલ વડે શુદ્ધ થતો નથી એમ અમો નિશ્ચિતપણે કહીએ છીએ." "માછલાં, કાચબા, દેડકાં આ બધાં રાત દિવસ જલમાં ડૂબેલાં રહે છે પણ તે ક્યારે પણ સ્નાનના ફલને પ્રાપ્ત થતાં નથી" "મનુષ્યો જે કર્મ, શ્રદ્ધા અને વિધિપૂર્વક શુદ્ધ ભાવથી કરે છે તે જ તેના અક્ષય સુખ માટે કલ્પાય છે" "વિધિ વિનાનું, ભાવદુષ્ટ તથા શ્રદ્ધારહિત કરાયેલ કર્મનું ફળ મનુષ્યને મળતું નથી કારણ કે અસુરો તેવાં કર્મનું હરણ કરી જાય છે, તેથી વિધિહીન તથા ભાવદુષ્ટ કર્મ કરનારો અત્યંત મૂઢ તથા અકૃતાર્થ જાણવો" "શ્રદ્ધાવિનાનો, દુષ્ટ અંતઃકરણવાળો, નાસ્તિક, સંશયવાળો અને કારણવાદી આ પાંચ તીર્થના ફલને પ્રાપ્ત કરતા નથી." "જેમ ગંગા વિગેરે નદીઓ મદિરાના ઘડાને પવિત્ર કરી શકતી નથી તે જ પ્રમાણે નારાયણથી વિમુખ મનુષ્યને કોઈ પણ પ્રાયશ્ચિત્ત પવિત્ર કરી શકતાં નથી." આ બધાં, આદિતપુરાણ, યોગિયાજ્ઞવલ્ક્ય, વાયુપુરાણ તથા શ્રીમદ્ભાગવતનાં વચનોથી સિદ્ધ થાય છે કે તીર્થોમાં ભગવાનથી બહિર્મુખ તથા નાસ્તિક મનુષ્યને પવિત્ર કરવાની શક્તિ હોતી નથી. **शङ्काः**- "તીર્થોમાં દોષ નિવારણ

કરવાની શક્તિ હોય જ તો એમ કેમ બને? કારણ કે જે વસ્તુમાં જે શક્તિ હોય તે પોતાનું કાર્ય કરે જ છે. જેમ કે અગ્નિમાં દાહ કરવાની શક્તિ છે તો તે સદા દાહ કરે જ છે.'' ત્યાં આપશ્રી આજ્ઞા કરે છે કે, તીર્થોમાંથી આધિદૈવિક સ્વરૂપ અંતર્હિત થઈ જવાથી શક્તિનો જ અભાવ થઈ ગયો છે, અર્થાત્ તીર્થપણું જ રહ્યું નથી. તે તીર્થપણું ભગવદ્‌ભક્તો પધારે ત્યારે તીર્થો પ્રકટ કરે છે અને દુષ્ટો આવે ત્યારે તિરોહિત રાખે છે. તેથી જ શ્રીમદાચાર્યચરણે શ્રીભાગવતતત્વદીપનિબંધમાં આજ્ઞા કરી છે કે ''કાશી વિગેરે તીર્થોદિમાં કોઈક વખતે અને કોઈ એક જીવની મુક્તિ થાય છે ત્યા તે જીવ ઉપર પ્રભુનો અનુગ્રહ છે એમ સમજવું.'' અનુગ્રહ રહિતની મુક્તિ ક્યારે ય થતી નથી પણ પ્રભુ, તીર્થોનું માહાત્મ્ય વધારવા તીર્થોદ્વારા પણ કોઈકને મોક્ષનું દાન કરે છે. વળી શ્રીમદ્‌ભાગવતમાં પણ કહેવાયું છે કે ભગવદીયો તીર્થોમાં સ્નાન કરતી વખતે પોતાનાં હૃદય કમલમાં વિરાજમાન પ્રભુ સાથે તીર્થોનો સંગ કરાવીને તીર્થોને પવિત્ર બનાવે છે, એટલે કે છુપાઈ રહેલું આધિદૈવિક સ્વરૂપ તેઓમાં પ્રકટ કરે છે, આનું જ નામ તીર્થીકરણ છે. બીજી રીતે તીર્થોને વળી તીર્થ બનાવવાનું શું હોય! કંઈ જલમાં દોષો થોડા જ દેખાય છે. આવી રીતે દ્રવ્યરૂપ તીર્થોમાં પણ સ્વતંત્રપણે પુરુષાર્થ સિદ્ધ કરવાનું સામર્થ્ય રહેલું ન હોવાથી શ્રીકૃષ્ણનો જ આશ્રય રક્ષણીય છે. ॥ ૩ ॥

शङ्काः- કર્મકર્તા સારો હોય તો સર્વ ફલસિદ્ધિ સંભવે છે તો પછી બીજાનો નિષેધ કરીને આશ્રયપ્રાર્થના જ કેમ? એમ શંકા કરીને કર્મકર્તાઓનું સ્વરૂપ પણ ફલ સાધી શકે તેવું રહ્યું નથી. એવી આજ્ઞા કરવા ''**अहङ्कारविमूढेषू**'' ઈત્યાદિ શ્લોક વડે આશ્રય પ્રાર્થના કરે છે.

अहङ्कारविमूढेषू सत्सु पापानुवर्तिपु ।
लाभपूजार्थयत्नेषु कृष्ण एव गतिर्मम ॥ ४ ॥

श्लोकार्थः- **सत्सु** પંડિતો **अहङ्कारविमूढेषू** અભિમાન વડે વિશેષ મૂઢ બન્યા છે (અને) **पापानुवर्तिपु** પાપીઓનું અનુસરણ કરનારા થયા છે, તથા ''**लाभपूजार्थयत्नेषुः**'' લાભ અને માનના માટે જ પ્રયત્ન કરનારા થયા છે માટે **कृष्णः** કૃષ્ણ **एव** જ **मम** મારી **गतिः** ગતિ (**अस्तु** થાઓ.)

प्रकाशः- પંડિતો અહંકારથી-અમે શાસ્ત્રજ્ઞ છીએ એવા અભિમાનથી-બીજાને ગણતાયે નથી, એટલે કે માયાવાદ આદિના આગ્રહી બની વિશેષ મૂઢ બન્યા છે. તેઓનું જ્ઞાન જેમ અભિમતિથી દૂષિત થયું છે તેમ તેઓની કૃતિ પણ દુષ્ટ થઈ ગઈ છે. કારણ કે દ્રવ્યાદિકના લાભ અને પૂજાના માટે જ તેઓનો યત્ન હોય છે. વિષ્ણુયાગાદિક પારમાર્થિક કર્મ પણ તેઓ એમ સમજીને જ કરે છે કે ''આથી આપણને દ્રવ્યનો લાભ થશે અને લોકોમાં પ્રતિષ્ઠા થશે.'' વળી પાપી પુરુષોનું અનુસરણ કરવાથી સંગજન્ય દુષ્ટતા અને પાપનું અનુસરણ કરવાથી અન્નજન્ય દુષ્ટતા એમ ઉભયતઃ દુષ્ટતા તેઓમાં હોવાથી તે પણ્ડિતો પણ સ્વતંત્રતયા પુરુષાર્થસિદ્ધિ કરી શકે તેવા રહ્યા નથી. પણ ભગવદાશ્રય કરીને ભગવત્કૃપાથી વેદાર્થની તથા સ્વદોષની સ્ફૂર્તિ થયે ફલસિદ્ધિ કરી શકે. કારણ કે વેદનું તાત્પર્ય ભગવાન અથવા ભગવદીયો જાણે છે એમ હોવાથી ભગવદીય થયે જ વેદનું તાત્પર્ય સમજાય. આવી રીતે ભગવદાશ્રય વિનાના પણ્ડિતો પણ કશું સાધી શકતા ન હોવાથી કૃષ્ણ જ મારા આશ્રય થાઓ. ॥ ૪ ॥

शङ्काः- મંત્રોથી ફલસિદ્ધિ શાસ્ત્રોમાં શ્રવાય છે તો પછી આશ્રય

જ રાખવાની શી આવશ્યકતા? ત્યાં મંત્રોમાંની શક્તિ પણ નાશ પામી છે એટલે મન્ત્રો પણ કશું સાધી શકે તેવા રહ્યા નથી એમ ઉપદેશવા **‘अपरिज्ञाननष्टेषु’** ઈત્યાદિ શ્લોકે આચાર્યશ્રી આશ્રયની પ્રાર્થના કરે છે.

अपरिज्ञाननष्टेषु मन्त्रेष्वव्रतयोगिषु ।
तिरोहितार्थदेवेषु कृष्ण एव गतिर्मम ॥ ५ ॥

श्लोकार्थः- **मन्त्रेषु** મંત્રો **अपरिज्ञाननष्टेषु** પરિપૂર્ણ જ્ઞાનના અભાવે નષ્ટપ્રાય થઈ ગયા છે અને **अव्रतयोगिषु** વ્રત વિનાના લોકોમાં સ્થિતિ કરતા હોવાથી **तिरोहितार्थदेवेषु** જેઓના અર્થ અને દેવ જણાતા નથી માટે **कृष्णः** કૃષ્ણ **एव** જ **मम** મારી **गतिः** ગતિ (**अस्तु** થાઓ.)

प्रकाशः- વેદોક્ત તથા નારદપંચરાત્રાદિ આગમોક્ત મંત્રો, તાત્પર્ય, ફલ તથા દેવતાનાં સ્વરૂપજ્ઞાનના અભાવે નાશ પામ્યા છે. વૈદિકમંત્રો તેના નિયમપૂર્વક ભણાતા નથી એટલે તેમાંનું સામર્થ્ય નાશ પામ્યું. તેના નિયમો-ગુરુકુલમાં વાસ કરવો, બ્રહ્મચર્ય પાળવું, શૂદ્રોના સાન્નિધ્યમાં ન ભણવું, અનધ્યાયના દિવસોમાં ન ભણવું વિગેરે છે. તાંત્રિક મંત્રોનું તાત્પર્ય જ સમજાતું ન હોવાથી તેના અર્થ તથા ફલસમર્પક દેવતા તે મંત્રોમાંથી તિરોહિત થઈ ગયા. આમ તાંત્રિકમંત્રોનું પણ સામર્થ્ય નષ્ટ થયેલું છે. છતાંયે ભગવદાશ્રય રાખનારને મંત્રો પણ ફળ આપે છે. આ વિષયમાં “જેના સ્મરણથી અને નામોચ્ચારણથી કર્મમાં રહી ગયેલી ત્રુટિ પૂર્ણ થાય છે તે અચ્યુત[1]ને હું વન્દું છું” વગેરે વાક્યો પ્રમાણ છે. માટે મંત્રો પણ નષ્ટસામર્થ્ય હોવાથી મારા રક્ષક શ્રીકૃષ્ણ જ હો. ॥ ૫ ॥

---

[1] ‘અચ્યુત’ શબ્દનો રૂઢાર્થ પુરુષોત્તમ થાય છે.

शङ्काः- મીમાંસા વિગેરેથી મંત્રોનાં તાત્પર્યનો નિર્ધાર કરી લઈને કર્મો વડે જ ફલસિદ્ધિ કરી લેવાશે પછી આશ્રય રક્ષવાની શી આવશ્યકતા? એમ આશંકા કરીને કર્મો પણ ફલસાધક રહ્યાં નથી એવી આજ્ઞા કરવા **‘नानावादविनष्टेषु’** ઈત્યાદિ પદ્યથી શ્રીમહાપ્રભુજી આશ્રયની પ્રાર્થના કરે છે.

नानावादविनष्टेषु सर्वकर्मव्रतादिषु ।
पाषण्डैकप्रयत्नेषु कृष्ण एव गतिर्मम ॥ ६ ॥

श्लोकार्थः- **सर्वकर्मव्रतादिषु** બધાં કર્મો અને વ્રત વગેરે **नानावादविनष्टेषु** જુદા જુદા વાદો વડે વિનષ્ટ થયાં છે (અને) **पाषण्डैकप्रयत्नेषु** વાદ કરનારાઓની મુખ્ય પ્રવૃત્તિ પાખંડ માટે જ છે માટે, **कृष्णः** કૃષ્ણ **एव** જ **मम** મારી **गतिः** ગતિ (**अस्तु** થાઓ.)

प्रकाशः- સોમયાગ વિગેરે બધાં કર્મો અને એકાદશી વિગેરે બધાં વ્રતો વિવિધ વાદો વડે વિશેષે કરીને નાશ પામ્યાં છે. તે વાદો આ પ્રમાણે છે. (૧) શ્રીશંકરાચાર્યજીનો વાદ છે કે – “બધો પણ પ્રપંચ મિથ્યા છે, એટલે વેદો પણ પ્રપંચની અંદર સમાઈ જતા હોવાથી મિથ્યા છે, માટે પ્રપંચ જેમ અજ્ઞાનકલ્પિત હોઈને વ્યવહાર પૂરતો જ પ્રમાણ છે તેમ વેદ અને વેદવિહિત કર્મ માત્રનું પણ વ્યવહાર પૂરતું જ પ્રામાણ્ય માનવું ઠીક છે, વાસ્તવમાં કંઈ કરવાનું અથવા મેળવવાનું છે જ નહિ.” (૨) પૂર્વમીમાંસાકાર મહર્ષિ જૈમિનિનું મત છે કે “**परमेष्ठिनो वा एष यज्ञोग्रे**” ઈત્યાદિ વાક્યો વડે બ્રહ્મા વગેરેના ઉત્કર્ષ પણ યજ્ઞોવડે જ શ્રુતિપથ થાય છે અને ઉત્તરોત્તર કર્મમાં પ્રવૃત્ત થવામાં પૂર્વવાસના જ કારણ હોવાથી કર્મ જ કરવાં જોઈએ, તે વડે જે ફલસિદ્ધિ થઈ રહેશે, કર્મ સિવાય બીજું કોઈ ઉપાસ્ય, ફલદાતા, કિંવા પ્રવર્તક છે જ નહિ. તેમ જ

મંત્રની દેવતા પણ મંત્રથી જુદી ચેતનરૂપા કોઇ નથી પણ મંત્રરૂપા જ છે. એટલે કોઇ દેવતાની કૃપા સંપાદન કરવા, અથવા કૃપા સંપાદન કરી કોઇ ફલ પ્રાપ્ત કરવા પણ કર્માતિરક્તિ કશું કરવાની જરૂર નથી, પણ, ઉપર કહ્યા પ્રમાણે ઉપાસ્ય, ફલદાતા યા પ્રવર્તક બધું કર્મ જ છે.” (૩) ન્યાયાચાર્ય ગૌતમની માન્યતા છે કે “શાસ્ત્રથી પ્રમાણ પ્રમેય વિગેરે સોળ પદાર્થોનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરી તેનું શ્રવણ મનન અને નિદિધ્યાસન કર્યા કરવાથી પોતાના આત્માનો સાક્ષાત્કાર થયે દુઃખની પણ આત્યંતિકી નિવૃત્તિ થઇ જાય ઠે, એ જ ફલ છે. ઈશ્વરોપાસના કરવાની અથવા ઈશ્વરને ફલરૂપ માનવાની કશી આવશ્યકતા નથી” (૪) નિરીશ્વરવાદી સાંખ્યોનું કથન છે કે, “પ્રકૃતિ અને તેના વિકારોની ઉપાધિનો વિલય કરી દઇને પુરુષે પોતાના સ્વરૂપે સ્થિતિ કરવી, એ જ ફલ છે, ભગવાન નહિ.” આ પ્રકારના વિવિધ વાદોએ કર્મોનો વિશેષ રીતે નાશ કર્યો છે, એટલે કે ઉલટાજ અર્થનો નિશ્ચય કરી લેવાયાથી કર્મો ફલોત્પાદક રહ્યાં નથી” ખરો વૈદિક સિદ્ધાન્ત તપાસતાં આ બધા વાદો એક જાતના પ્રલાપ સમાન છે. કારણ કે, “આ બધું પુરુષ જ છે.” “આ બધું બ્રહ્માત્મક છે” “તે ભગવાન્ સર્વને વશમાં રાખનારા તથા બધા ઉપર શાસન કરનારા છે” ઇત્યાદિ વાક્યો, પ્રપંચ બધો બ્રહ્મરૂપ છે, અને તેથી જ સત્ય છે, માટે કર્મો પણ સફળ છે એમ બતાવે છે. તેથી શંકરાચાર્યજીનો વાદ ઉપપન્ન થતો નથી. (૨) “ભગવાન્ તે જીવને સારાં કર્મ કરાવે છે જેને ઉંચી ગતિએ લઇ જવાની ઇચ્છા હોય છે, ભગવાન જ તેને નઠારાં કર્મ કરાવે છે જેને અધોગતિએ લઇ જવા ઇચ્છા હોય છે” “હે અર્જુન! હું જ સમગ્ર જગત્‌ની ઉત્પત્તિનું કારણ છું.” “કોણ ભલા, દેહધારી મુકુન્દચરણનું સેવન ન કરે” “દેવ હો, અસુર હો,

મનુષ્ય હો, યક્ષ કે ગંધર્વ હો, મુકુન્દચરણની સેવા કરીને જ મોક્ષ પ્રાપ્ત કરે” “ભગવાન્ જ બધાના ફલદાતા છે, કારણ કે સર્વ નિયામક હોય તે જ સર્વનો ફલદાતા હોઇ શકે” “યજ્ઞથી તૃપ્ત થયેલા દેવતાઓ યજ્ઞ કરનારને તૃપ્ત કરે છે” “નિશ્ચય, દેવોએ યજ્ઞ કર્યો હતો” વગેરે પ્રમાણોથી જૈમિનિનું મત પણ શ્રુતિ, સ્મૃતિ તથા વ્યાસસૂત્રથી વિરુદ્ધ કરે છે. કારણ કે આ વાક્યોમાં જીવને કર્મમાં પ્રવૃત્ત કરાવનાર, સર્વ જગત્‌ની ઉત્પત્તિના કારણ કે આ વાક્યોમાં જીવને કર્મમાં પ્રવૃત્ત કરાવનાર, સર્વ જગત્‌ની ઉત્પત્તિના કારણ, જીવ માત્રના સેવ્ય, સર્વવિધ કર્મોના ફલદાતા તરીકે પ્રભુને જ વર્ણવેલા છે. આ બધું જૈમિનિના મત પ્રમાણે ઉપપન્ન થઇ શકતું નથી, તેમ જ યજ્ઞોથી દેવોની તૃપ્તિ તથા દેવોએ યજ્ઞ કર્યાનું પણ પ્રતિપાદન કરાયલું છે, માટે એ પણ સ્વીકારવું જોઇએ કે, મંત્રની દેવતા મન્ત્રથી જુદી છે તથા ચેતનરૂપા છે (૩-૪) “હે અર્જુન! ત્યારબાદ મને તત્વતઃ જાણીને મારામાં પ્રવેશ કરે છે” “હે અર્જુન, તું મને જ પ્રાપ્ત થઇશ” “બ્રહ્મનો આકાર આનંદ છે” આ વાક્યોમાં ભગવત્સાયુજ્યને મોક્ષ કહેલ છે, તેમ જ આનંદાકાર હોવાથી ભગવાન્‌ને જ ફલરૂપ બતાવેલા છે (જેમાં આનન્દનો અનુભવ થતો હોય તે જ ફળ કહેવાય) તેથી ન્યાય અને સાંખ્ય મત પણ શ્રૌતસિદ્ધાન્તાનુકૂલ નથી એમ સિદ્ધ થાય છે”

આ પ્રકારે નાનાવાદો વડે થયેલો કર્મોનો વિનાશ ઉપદેશીને તે વાદો વડે વ્રતોનો વિનાશ શી રીતે થયેલો છે તે ઉપદેશાય છે સ્વમતના આગ્રહે તેઓ એકાદશ્યાદિ વ્રતો પણ દશમી વગેરેના વેધથી યુક્ત કરે છે કે, જેનો શાસ્ત્રમાં નિષેધ કરેલો છે. આ પ્રકારે વ્રતો પણ વિનષ્ટ થયાં, વ્રતો જો કે એક પ્રકારનાં કર્મ જ છે તથાપિ જ્ઞાનાદિકનાં અંગ હોવાથી અત્ર તેનું કર્મથી પૃથક્ ઉપાદાન કરેલું છે.

શઙ્કાઃ- એકાદશ્યાદિ વ્રતા તેઓ પોતે કરે છે બીજાઓને પણ કરવાનો બોધ કરે છે, જો વ્રતાદિક કર્મને તેઓ મિથ્યા, ફલવિનાનાં, ક્ષુદ્રફલસમર્પક તથા આનંદ વિનાનાં માનતા હોય તો પોતે તેનું આચરણ કેમ કરે, તેમ બીજાઓને ઉપદેશ પણ કેમ કરે? વળી, તે મતોના પ્રવર્તક પણ શંકર, જૈમિનિ ગૌતમ વિગેરે છે.'' આવી શંકા પણ ન કરવી. કારણ કે પાખંડ પ્રચારાર્થ જ તેઓનો મુખ્ય પ્રયાસ છે. આ વાત વરાહપુરાણમાં त्वं च रूद्र'' આ દોઢ[1] શ્લોક વડે તથા પદ્મપુરાણમાં ''त्वामाराध्य'' ઈત્યાદિ બે[2] શ્લોકો વડે ભગવાને મહાદેવજીના પ્રતિ આજ્ઞા કરેલી છે, એટલે તેઓની તેવી પ્રવૃત્તિ પણ ભગવદાજ્ઞાનુસાર જ થયેલી ગણાય. અને પોતે તેવાં કર્મોનું આચરણ કરે છે તે મહાન તરીકે પ્રસિદ્ધ થવા માટે, તેમ જ મત પ્રવર્તાવવા માટે કરે છે. કારણ કે ''શ્રેષ્ઠ પુરુષ જે જે આચરણ કરે તે તે બીજો સામાન્ય જન આચરણ કરે'' આ ન્યાયાનુસાર પોતે આચરણ ન કરે તો મતપ્રર્વતન કેમ થઈ શકે? આધુનિકો બધા તેવા મતપ્રવર્તકોથી જ મોહિત છે.

१-त्वं च रुद्र महाबाहो मोहशास्त्राणि कारय।
अतथ्यानि वितथ्यानि दर्शयस्व महाभुज ॥
प्रकाशं कुरु चात्मानमप्रकाशं च मां कुरु ॥ - वराह पुराणम्।

અર્થ : હો મહાબાદ રુદ્ર! તમો મોહશાસ્ત્ર રચાવો, સત્યશાસ્ત્રોને જુઠાં બતલાવો, પોતાના સ્વરૂપનો પ્રકાશ કરો અને મારા સ્વરૂપનો અપ્રકાશ કરો.

२-त्वामाराध्य तथा शम्भो गृहीष्यामि वरं सदा।
द्वापरादौ युगे भूत्वा कलया मानुपादिषु ॥ १ ॥
स्वागमैः कल्पितैस्त्वं च जनान् मद्विमुखान् कुरु।
मां च गोपय येन स्यात्सृष्टिरेषोत्तरोत्तरा ॥ २ ॥ - पद्मपुराणम्

અર્થ : હે શમ્ભો! દ્વાપરાદિ યુગમાં હું કલાવડે મનુષ્યાદિકમાં અવતાર ગ્રહીને તમારું આરાધન કરી વરને ગ્રહણ કરીશ. અને તમારે પોતાનાં કલ્પિત શાસ્ત્રોવડે લોકોને મારાથી વિમુખ રાખવા, તથા મારા સ્વરૂપને છુપાવી રાખવું, કારણ કે આપણે સૃષ્ટિ બરોબર ચલાવવાની છે. ॥ ૨ ॥

''તે મતપ્રવર્તકો તો બધા દેવ છે, તેના મતને પાખણ્ડની ઉપાધિ શી રીતે આપી શકાય? એવી શંકા પણ કરણીય નથી, કારણ કે, મતના પ્રવર્તક દેવ હોય તેટલા માત્રથી તે મતને સન્મત કહી શકાય નહિ. પણ વેદથી અવિરૂદ્ધ હોઈને વેદને અનુસરનાર જ સન્મત કહી કહી શકાય. અન્યથા બૃહસ્પતિપ્રવર્તિત બૌદ્ધ શાસ્ત્રે પણ સમન્તત્વનો પ્રસંગ પ્રાપ્ત થઈ જશે, આમ પ્રસક્તાનુપ્રસક્તિથી[1] અટકવું ઠીક છે. આવી રીતે વિવિધ વાદો વડે કર્મો પણ ફલસાધક રહ્યાં નથી, માટે કૃષ્ણ જ મારી ગતિ થાઓ ॥ ૬ ॥

શઙ્કાઃ- 'ધર્મવડે પાપને દૂર કરે છે' 'ધર્મમાં બધું પ્રતિષ્ઠિત છે.' આ શ્રુતિ પ્રથમ જીવને દોષનિવૃત્તિમાટે ધર્માચરણ કરવાની આવશ્યકતા બતલાવે છે. અને વાત પણ ઠીક છે કે ધર્માચરણ કરી ચિત્તશુદ્ધિદ્વારા ભગવન્માહાત્મ્ય તથા ભગવત્સ્વરૂપ સમજીને જ ભગવદાશ્રયાદિક કરવાં જોઈએ, નહિ કે તે પહેલાં દોષયુક્ત અવસ્થામાં જ. કારણ કે, ક્યાં યોગીઓને ધ્યાન કરવા યોગ્ય એવું ભગવાનનું સ્વરૂપ અને ક્યાં દુષ્ટ જીવ. એમ આશંકા કરીને ''જેને આ પ્રભુ વરે છે તેને જ લભ્ય છે'' '' હે રહુગણ! ભગવાનના સ્વરૂપનું જ્ઞાન, તપ તપવાથી યા વૈદિક કર્મો કરવાથી, અન્નાદિકના દાન કરવાથી, યા પરોપકાર કરવાથી, વેદોનો અભ્યાસ કરવાથી યા જલ અગ્નિ કે સૂર્યની ઉપાસના કરવાથી પ્રાપ્ત થતું નથી, પણ ભગવદીયોનાં ચરણની રજ મસ્તકપર ધારણ કરવાથી જ, અર્થાત્ તેઓની સેવા કરવાથી જ પ્રાપ્ત થાય છે'' ''હે અર્જુન! મ્હારી અનન્ય ભક્તિથી મારા સંપૂર્ણ સ્વરૂપનું જ્ઞાન, જેવું કે તને થયું, મનુષ્યોને થઈ શકે છે, હે પરન્તપ! ભક્તિથી જ હું તત્ત્વતઃ જાણી શકાઉં છું તથા તે જીવ મારામાં પ્રવેશ કરી શકે છે''

---

[1] ચાલુ વાતમાં એક પછી એક વાત જોડતાં ચાલ્યા જવું તે પ્રસક્તાનુપ્રસક્તિ કહેવાય છે.

ઈત્યાદિ વાક્યો સ્પષ્ટ રીતે જણાવે છે કે, ભગવદઙ્ગીકારથી અથવા ભગવદીયના અનુગ્રહથી સદોષ જીવને પણ ભગવત્સ્વરૂપ ગમ્ય બને છે માટે, તેમ જ ભગવાનનું માહાત્મ્ય પણ શાસ્ત્રોમાં તેવું જ-અધમોદ્ધારકરૂપે-પ્રસિદ્ધ છે માટે પણ, સદોષ જીવોએ દોષનિવૃત્ત્યર્થ પ્રાયશ્ચિત્તાદિક ન કરતાં મહાપુરુષ-શ્રીમહાચાર્યચરણ અને તદ્વંશ્ય-દ્વારા ભગવાન્‌ને શરણે જવું. તેથી જ બધું સિદ્ધ થઈ રહેશે. એટલે કે ભગવદીયોના ધર્માદિ ચતુર્વિધ પુરુષાર્થરૂપ ભગવાન્ હોવાથી ભગવદીયોએ ભગવદાશ્રયાતિરિક્ત કશું કરવું જરૂરનું નથી. ભગવાન્ ભગવદીયોના ધર્મરૂપ કેવી રીતે છે તે આજ્ઞા કરવા ધર્મરૂપે આપના આશ્રયની પ્રાર્થના ''**अजामिलादि**'' પદ્યથી આચાર્યશ્રી પ્રારંભે છે.

अजामिलादिदोषाणां नाशकोऽनुभवे स्थितः ।
ज्ञापिताखिलमाहात्म्यः कृष्ण एव गतिर्मम ॥ ७ ॥

श्लोकार्थः- **अजामिलादिदोषाणां** અજામિલાદિકના દોષોના **नाशकः** નાશકર્તા **अनुभवे** ભક્તોના અનુભવમાં **स्थितः** આવેલા **ज्ञापिताखिलमाहात्म्यः** સમગ્ર માહાત્મ્યના જ્ઞાપક એવા **कृष्णः** કૃષ્ણ **एव** જ **मम** મારી **गतिः** ગતિ (**अस्तु** થાઓ.)

प्रकाशः- અજામિલ, ગજેન્દ્ર, અહલ્યા વગેરેને પોતાના દોષનાશકરૂપે અનુભવમાં આવેલા અથવા, અજામિલ સિવાયના બીજા ભક્તોના અનુભવમાં આપ દોષનાશકરૂપે પધારેલા. કારણ કે અજામિલનો ઉદ્ધાર તો પરમ્પરા સમ્બન્ધે પોતાના નામથી કર્યો હતો. પોતાના સમગ્ર માહાત્મ્ય પણ આપે જણાવેલું છે. આ ત્રણ વિશેષણોથી ધર્મનું કાર્ય-પાપ દૂર કરી ઈષ્ટ પ્રાપ્તિ કરાવવી-તે પ્રભુ જ કરે છે, માટે દોષ ઉપસ્થિત થાય તો પણ ભગવદીયોએ દોષ નિવારવા શરણભાવના જ કરવી, પ્રાયશ્ચિત્તાદિ નહિ, એમ આજ્ઞા કરી. અથવા, પરમ્પરા સમ્બન્ધથી પણ આપ દોષ નિવારક છે. (તો સાક્ષાત્ સમ્બન્ધ થયે દોષ નિવારણ કરે તેમાં તો કહેવું જ શું?) કારણ કે, અજામિલનો ઉદ્ધાર આપે સ્વનામસામ્યે[1] પણ કર્યો. ભગવદીયોના અનુગ્રહથી આપ અનુભવમાં આવો છો, તેમ જ લીલાદિરૂપ નિખિલ માહાત્મ્ય પણ આપ જણાવો છો, માટે મારી ગતિ શ્રીકૃષ્ણ જ હો. ॥ ૭ ॥

शङ्काः- 'તેથી સ્વાધ્યાય ભણવો જોઈએ' ''જે જે યજ્ઞનું અધ્યયન કરે છે તે તે યજ્ઞથી અધ્યેતાનું ઈષ્ટ થાય છે, અગ્નિ, વાયુ અને સૂર્યનું સાયુજ્ય પ્રાપ્ત થાય છે'' ઈત્યાદિ શ્રુતિથી કર્મમાર્ગમાં સ્થિતિ કરીને પણ બ્રહ્મયજ્ઞ અધ્યયનાદિ વડે અગ્નિ વગેરેનું સાયુજ્ય પ્રાપ્ત કરી શકાય છે, તેમ જ 'જેઓ અવ્યક્ત, અવર્ણનીય, સર્વવ્યાપિ અક્ષરની ઉપાસના કરે છે તેઓ મારા અક્ષરરૂપને પામે છે' ઈત્યાદિ વાક્યો જ્ઞાન વડે પણ અક્ષરસાયુજ્યની સિદ્ધિ બતલાવે છે તો પછી કૃષ્ણનો આશ્રય કરવામાં વિશેષતા શી? અને વિશેષતા ન હોય તો તેની પ્રાર્થના પણ શા માટે કરવી? એમ આશંકા કરીને તે તે દેવો અને અક્ષરના સાયુજ્ય વચ્ચે, તથા અક્ષર અન શ્રીકૃષ્ણના સાયુજ્ય વચ્ચે, શું ન્યૂનાધિકપણું રહેલું છે, તે સમજવા બધાનાં સ્વરૂપનું નિરૂપણ કરીને ભગવાન ભગવદીયોના અર્થરૂપ કેવી રીતે છે તે આજ્ઞા કરવા **प्राकृताः** ઈત્યાદિ પદ્યથી અર્થરૂપે ભગવદાશ્રયની પ્રાર્થના કરાય છે.

प्राकृताः सकला देवा गणितानन्दकं बृहत् ।
पूर्णानन्दो हरिस्तस्मात् कृष्ण एवं गतिर्मम ॥ ८ ॥

श्लोकार्थः-सकलाः બધા **देवाः** દેવો **प्राकृताः** પ્રાકૃત છે-ત્રિગુણાત્મિકા પ્રકૃતિને અધીન છે. **बृहत्** અક્ષરબ્રહ્મ **गणितानन्दकम्** જેનો આનન્દ

---

[1] આપનું તથા અજામિલના પુત્રનું નામ સમાન છે.

ગણી શકાય તેવું છે. **पूर्णानन्दः** પૂર્ણાનંદ[1] **हरिः** સર્વ દુઃખહર્તા હરિ જ છે **तस्मात्** તેથી **कृष्णः** કૃષ્ણ **एव** જ **मम** મારી **गतिः** ગતિ (**अस्तु** થાઓ.)

प्रकाशः- કારણ કે, બધા દેવોની ઉત્પત્તિ સત્વાહંકારથી થયેલી હોવાથી તે બધા પોતાની ઉત્પાદિકા પ્રકૃતિ-ત્રિગુણાત્મિકા માયા-ને અધીન છે. અક્ષરબ્રહ્મ ગણિતાનન્દ છે. તે આ પ્રમાણે[2]-"તે આ આનંદનો વિચાર થાય છે" ત્યાંથી પ્રારંભીને "પ્રજાપતિના સો આનંદ તે અક્ષરબ્રહ્મનો એક આનંદ ગણાય" અત્ર પર્યતના પ્રપાઠકવડે અક્ષરબ્રહ્મના આનંદની ગણના કરાયેલી છે. વળી, બ્રહ્માદિ દેવોનું સાયુજ્ય મળે તો પણ શું? ત્યાંથી પણ જીવને ફરીને સંસારમાં આવવાનો સંભવ તો રહેશે જ. કારણ કે (ભ.ગી. ૮-૧૬) ભગવાન્ અર્જુનને આજ્ઞા કરે છે કે - 'હે અર્જુન! બ્રહ્મલોકપર્યતના બધા લોક ઉત્પત્તિ અને નાશવાન્ છે, પરન્તુ હે કુન્તીપુત્ર! મને પ્રાપ્ત થનાર જ જીવ ફરીને આ સંસારમાં આવતો નથી' આ વાક્યાનુસાર બ્રહ્માપર્યન્તના દેવો સાથે સાયુજ્ય થાય તો પણ તે સાયુજ્ય ગુણાતીત ન હોવાથી તેમ જ ફરીને સંસારમાં લાવનારું તથા અલ્પસુખવાળું હોવાથી, પુણ્યક્ષય થયે સ્વર્ગમાંથી ફરીને સંસારમાં આવવું પડે છે અત એવ સ્વર્ગ જેમ મોક્ષ ગણાતો નથી, તદ્વત્ બ્રહ્માદિ દેવોનું સાયુજ્ય પણ સાવધિક હોવાથી મોક્ષ તરીકે ગણી શકાય નહિ. હવે રહી જ્ઞાનમાર્ગીયની અક્ષર જોડે સાયુજ્ય પ્રાપ્ત કરવાની વાત. અક્ષરમાં લય પામવો એ જો કે નિર્ગુણ મુક્તિ કહી શકાય, છતાં તેમાં સુખ પરિમિત હોવાથી, અત્યન્ત ક્ષુધાર્તને અતીવ સ્વલ્પ ભોજન જેમ પરિતઃ તૃપ્ત્યર્થ થતું નથી તેમ, ઘણા સમયથી આનન્દની ગવેષણા કરતા જીવાત્માને ગણિતાનન્દ મળ્યે પણ શું? તેને તો પૂર્ણાનન્દ મળ્યે જ આનન્દની ભૂખ ભાંગે. અત **गणितानन्द** શબ્દથી 'क' પ્રત્યય અજ્ઞાતઅર્થમાં તથા હ્રસ્વાર્થમાં કરવામાં આવ્યો છે તેનું તાત્પર્ય એવું છે કે અક્ષરબ્રહ્મનો આનન્દ પુરુષોત્તમના આનંદની અપેક્ષાએ અસ્પષ્ટ તથા ન્યૂન છે. તેથી સિદ્ધ થયું કે શ્રીકૃષ્ણ જ નિર્ગુણ મુક્તિના દાતા તથા પૂર્ણાનન્દ હોવાથી તેનો જ આશ્રય રક્ષણીય છે.

---

[1] ૧. અહીં પૂર્ણાનંદના ત્રણ અર્થ સ્વીકારાયેલા છે. (૧) પૂર્ણ આનંદ જે વડે થાય છે (૨) પૂર્ણ આનંદ જેમાં છે. (૩) પૂર્ણ આનંદ જેથી થાય છે. પ્રથમ અર્થનું સ્વારસ્ય છે કે-મર્યાદાપુષ્ટિભક્તોને પૂર્ણાનંદનું દાન કરવામાં આપ સાધનસાપેક્ષ છે, દ્વિતીયનું-આપ પૂર્ણ આનંદસ્વરૂપ છે, ગણિતાનંદ નથી. તૃતીયનું-પુષ્ટિભક્તને પૂર્ણાનંદનું દાન કરવામાં આપ સાધનનિરપેક્ષ છે.

[2] ૨. તૈત્તિરીયોપનિષદ્‌ની બ્રહ્માનન્દવલ્લીમાં નીચે પ્રમાણે આનન્દની ગણના કરાયેલી છેઃ- "આ તે આનન્દનો વિચાર કરાય છે. વેદાદિ શાસ્ત્રોના અભ્યાસી, નીરોગી, સારી રીતે ભોજન કરી શકનાર, અત્યન્ત મજબૂત, તથા સર્વ પ્રકારના બલવાળા યુવકને સાર્વભૌમસત્તા-ચક્રવર્તિ રાજ્યની પ્રાપ્તિ થવી, એ મનુષ્યના આનન્દની અવધિ છે. મનુષ્યના આવા શતગુણ આનન્દ તે મનુષ્યગન્ધર્વોનો એક આનન્દ કહેવાય, તેવો જ નિષ્કામ શ્રોત્રિયનો-સંતોષી વેદાધ્યયનમાં તત્પર એવા બ્રાહ્મણનો-આનન્દ હોય છે. મનુષ્ય ગન્ધર્વના આવા સો આનન્દ તે દેવગન્ધર્વોનો એક આનન્દ ગણાય. તેવો જ મનુષ્ય ગન્ધર્વમાંના નિષ્કામ શ્રોત્રિયનો આનન્દ હોય છે. દેવગન્ધર્વોના આવા સો આનન્દ તે ચિરલોકસ્થાયી પિતૃઓનો એક આનન્દ કહેવાય, તેવો જ ચિરલોકસ્થાયિ પિતૃલોકના નિષ્કામ શ્રોત્રિયનો આનન્દ હોય છે. ચિરલોકસ્થાયિ પિતૃઓના તેવા સો આનન્દ તે દેવલોકોત્પન્ન દેવોનો એક આનન્દ ગણાય, તેવો જ દેવલોકોત્પન્ન દેવોના નિષ્કામ શ્રોત્રિયનો આનન્દ હોય છે. તેવા દેવલોકોત્પન્ન દેવોના સો આનન્દ તે કર્મદેવોનો એક આનન્દ ગણાય, તેવો જ કર્મદેવનો નિષ્કામ શ્રોત્રિયનો આનન્દ હોય છે. તેવા કર્મદેવોના સો આનન્દ તે દેવોનો એક આનન્દ કહેવાય, તેવો જ દેવોના નિષ્કામ શ્રોત્રિયનો આનન્દ હોય છે. દેવોના આવા સો આનન્દ તે ઈન્દ્રનો એક આનન્દ કહેવાય, તેવો નિષ્કામ શ્રોત્રિયનો આનન્દ હોય છે. તેવા એકસો ઈન્દ્રના આનન્દ તે બૃહસ્પતિનો એક આનન્દ કહેવાય, તેવો જ બૃહસ્પતિના નિષ્કામ શ્રોત્રિયનો આનન્દ હોય છે. તેવા એકસો બૃહસ્પતિના આનન્દ તે બ્રહ્માનો એક આનન્દ કહેવાય, તેવો જ નિષ્કામ શ્રોત્રિયનો આનન્દ હોય છે. તેવા બ્રહ્માના સો આનન્દ તે અક્ષર બ્રહ્મનો એક આનન્દ કહેવાય, તેવો જ નિષ્કામ શ્રોત્રિયનો આનન્દ હોય છે. આ રીતે અક્ષરબ્રહ્મ પર્યન્તના આનન્દની વેદમાં ગણના કરાયેલી છે પરન્તુ કૃષ્ણનો આનન્દ ગણનાતીત છે. અત એવ તે જ પૂર્ણાનન્દ કહેવાય છે.

शङ्काः- ''તે જ આ યદુકુલશ્રેષ્ઠ અને કુરુકુલશ્રેષ્ઠ નારાયણ અને નર ભગવાન હરિના અંશરૂપે પૃથ્વીનો ભાર હરવા અત્ર અવતરેલા છે.'' ''હરિના અંશરૂપ નર અને નારાયણથી પૃથ્વી અતીવ શોભાને પ્રાપ્ત થઈ'' ઈત્યાદિ વચનોથી કૃષ્ણનો તો અંશ કહેલા છે અને તમો અત્ર પૂર્ણ બતાવો છો તે કેમ? તેમજ 'ભગવાને જન્મ લીધો' એમ ભગવાનનો જન્મ પણ શ્રવાય છે, એટલે દેવાદિકના દેહ પણ પાંચભૌતિક તથા જન્ય કહેવું જોઈએ. વળી, આનન્દ એ તો આત્માનો ગુણ હોવાથી દેહથી જૂદો પદાર્થ છે. તેને તમે પ્રાણેન્દ્રિયાદિવિશિષ્ટ સમગ્ર દેહરૂપ માની ભગવાનનું આનંદરૂપત્વ પ્રતિપાદન કરો છો તે પણ કેમ? વળી આનંદ અંતઃકરણનો ધર્મ હોવાથી આપમાં આનન્દવત્ત્વ તથા આનંદજનકત્વ પણ કેમ કહી શકાય. તાત્પર્ય કે તમારા કહેવા પ્રમાણે ભગવાનનું **पूर्णत्व आनन्दाकारत्व आनन्दवत्त्व** યા **आनन्दजनकत्व** ઉપલાં વાક્યોથી વિરુદ્ધ થાય છે. સમાધાનઃ- ''**ताविमौ**'' ઈત્યાદિ વાક્યોનો અર્થાવગમ તમને નથી. તેનો અર્થ આ પ્રમાણે છે-ભક્તોની આર્તિનાશ કરી તેને આનંદનું દાન કરવું, એ ભગવાનના પ્રાકટ્યનું મુખ્ય પ્રયોજન હોય છે. અને તે અત્ર કરવું હતું માટે ભગવાન્ મૂલ સ્વરૂપે પ્રકટ થયા, પણ પૃથ્વીનો ભાર પણ દૂર કરવો હતો એટલા માટે પોતાના અંશભૂત નર અને નારાયણ પણ યદુકુલોત્પન્ન નારાયણમાં અને કુરુકુલોત્પન્ન અર્જુનમાં પધાર્યા. એટલે કે યદુકુલશ્રેષ્ઠ કૃષ્ણમાં તે બન્ને અંશોએ પ્રવેશ ક્ર્યો, માટે તે બન્ને યદૂદ્વહ કૃષ્ણ અને કુરૂદ્વહ કૃષ્ણ થયા. કારણ કે જે મૂલરૂપના અંશરૂપે પધારેલા છે તેમાં યદ્દ્વહત્વ તથા કુરૂદ્વહત્વ ન હતું. તાત્પર્ય કે તે તે કાર્ય કરવા માટે ભગવાન્‌ને વ્યૂહોમાં તે તે અંશની અપેક્ષા પડતી હોવાથી નર અને નારાયણ પણ સંકર્ષણાંશ હોવાથી ભૂભાર હરવા

અપેક્ષિત હતા. માટે ભગવાન ભક્તોની આર્તિનિવૃત્તિપૂર્વક આનન્દદાનાર્થ પૂર્ણસ્વરૂપે, તથા ભૂભારહરણાર્થ સંકર્ષણના અંશરૂપ નરનારાયણને પણ પોતામાં પ્રવેશ કરાવીને પ્રકટ થયા. ઉપર્યુક્ત વાક્યાનુસાર બન્ને અંશોનો જ અવતાર માનવામાં આવે અને પૂર્ણનો નહિ તો ''કૃષ્ણ તો સ્વયં ભગવાન્ છે'' વસુદેવના ગૃહમાં પરપુરુષ ભગવાન સાક્ષાત્ પ્રકટ થશે' 'પ્રકૃતિથી પર એવા પુરુષરૂપ આપ સાક્ષાત્ જાણાયેલા છો' આ બંધો વાક્યસ્તોમ વિરુદ્ધ થાય છે. વળી, '**भारव्ययाय च** આમાં **चकार** પણ વ્યર્થ થાય છે, કારણ કે અંશોનો જ અવતાર સ્વીકાર્યે '**च**'કારથી સમુચ્ચય કોણ રહ્યું? તેથી જ ભાગવત તત્ત્વાર્થદીપ નિબંધમાં આપશ્રી આજ્ઞા કરે છે કે, ''પુષ્ટિકાર્ય કરવા નારાયણથી અતિરિક્ત-સ્વરૂપે ભગવાન પ્રકટ થાય છે. નર તો પોતાનો આવેશધારક છે, ભૂભારહરણ સિવાયનું કાર્ય પૂર્ણ કૃષ્ણથી જ કરાય છે અન્યથી નહિ. '**परित्राणाय साधूनां**' આ મર્યાદા, ભક્તોની આર્તિનિવૃત્તિપૂર્વક આનન્દદાનકરણ એ પુષ્ટિ, આ બન્ને માર્ગનું સ્થાપન કરવા અવતીર્ણ પણ કેવલ અંશરૂપે જ અવતરે અને પૂર્ણ સ્વરૂપે પ્રકટ ન થાય તો પુષ્ટિકાર્ય સિદ્ધ થાય નહિ, તેથી જ ''પોતાના બન્ને અંશોવડે પૃથ્વી શોભાને પ્રાપ્ત થઈ'' **कलाभ्यां भूः बभौ** હરે **हरेः नितान्तं बभौ** વૃન્દાવનીય ધરણી પૂર્ણસ્વરૂપ આપનાં ચરણારવિંદ, પરાક્રમ અને લીલાએ કરી અત્યંત શોભાને પ્રાપ્ત થઈ'' આ પ્રમાણે આ શ્લોકનો અર્થ કરવો, અન્યથા રહે છે. માટે માનવું જોઈએ કે પ્રાકટ્ય તો પૂર્ણરૂપે જ છે પણ તે તે કાર્ય કરવા માટે ભીતર અંશદ્વયી પણ પ્રવિષ્ટ છે. તેમ જ દેહને લાગુ પડતો પાંચભૌતિકત્વ તથા જન્યત્વનિયમ પણ પ્રાકૃત દેહ પરત્વે જ સમજવો. અપ્રાકૃત બાબતમાં તો વેદાનુસાર જ અર્થસિદ્ધિ કરવી રહી. એટલે કે આપનું શ્રીઅંગ અપ્રાકૃત હોવાથી

"આનન્દમાત્રકરપાદમુખોદરાદિઃ" આશ્રુત્યુક્તદિશાએ આનન્દમય જ માનવું. અન્યથાપ્રાકૃતઅપ્રાકૃત પદાર્થોને નિયમ એકસરખો માનીએ તો-અસ્મદાદિકનાં જ્ઞાન ઇચ્છા વગેરે અનિત્ય હોવાથી ભગવાન્‌નાં જ્ઞાનાદિકને પણ અનિત્યપણું પ્રાપ્ત થઇ જાય.

"ભગવાનનું જગત્કર્તૃત્વ તો જ્ઞાન ઇચ્છા વગેરેથી પણ ઉપપન્ન થઇ શકે છે, તેમ જ દેહનું આનંદમયત્વ તથા નિત્યત્વ પ્રત્યક્ષથી એ બાધિત છે, તો પછી શા માટે આનંદમય તથા નિત્ય દેહ સ્વીકારવો જોઇએ? એવું પણ કથન ઠીક નથી. કારણ કે "જ્યાં જ્યાં કર્તાપણું હોય છે ત્યાં ત્યાં દેહવત્તા પણ હોય જ છે. જેમકે કુંભાર વગેરેમાં. તેમ જ "જ્યાં જ્યાં દેહવત્તા નથી ત્યાં ત્યાં કર્તૃત્વનો પણ અભાવ હોય છે, જેમકે મોક્ષ પામેલા જીવાત્મામાં. આ અન્વયવ્યતિરેક વ્યાપ્તિના બલે કર્તૃત્વના નિર્વાહ માટે પણ જેમ નિત્ય જ્ઞાનનો સ્વીકાર કરો છો તેમ આનન્દમય તથા નિત્ય દેહનો તમારે સ્વીકાર કરવો પડશે. તેમ જ પ્રભુનો જન્મ શાસ્ત્રોમાં શ્રુતિ પથ થાય છે માટે આપના દેહને જન્ય માનવાને પણ કંઇ કારણ નથી. કારણ કે નિત્ય તથા સર્વત્ર વ્યાપ્ત અતએવ અપરિચ્છિન્ન વપુનું પરિચ્છિન્ન રૂપે પ્રકટ કરવું એનું જ નામ જન્મ છે. "આનંદથી જ આ બધાં ભૂત માત્ર ઉત્પન્ન થાય છે" 'બ્રહ્મ નિત્યસ્વરૂપ, વિજ્ઞાનસ્વરૂપ, તથા આનંદસ્વરૂપ છે' તે સિંધાલૂણનો કકડો ભીતર બહાર સમગ્ર જ રસધન હોય છે તેમ નિશ્ચય આ આત્મા ભીતર અને બહાર સમગ્ર જ પ્રજ્ઞાનધન છે,' 'બ્રહ્મનો આકાર આનંદ છે' 'તે આનન્દમય છે, કારણ કે શ્રુતિમાં આનંદમયસ્વરૂપે વારંવાર ઉક્તિ છે' 'શ્રુતિ બ્રહ્મને આનંદમાત્ર કહે છે' 'આપ કેવલ આનંદાનુભવ સ્વરૂપ છો' 'ભગવાનનાં શ્રીહસ્ત, શ્રીચરણ, શ્રીમુખ વગેરે અવયવો આનન્દ માત્ર છે' 'ગુણ અને લીલાના અનુસારે આપનાં પુત્રનાં ઘણાં નામ તથા રૂપ છે' 'ત્રણે વેદ, બધાં ઉપનિષદો સાંખ્ય, યોગ તથા ઇન્દ્રાદિ ભક્તો 'પરબ્રહ્મ' 'ભગવાન્ કહી જેના માહાત્મ્યનું ગાન કરી રહ્યા છે તેને શ્રી યશોદાજીએ પોતાના આત્મજ માન્યા' 'જેનું ભીતર, યા બહાર, પૂર્વ યા પર નથી; અને જે સ્વયં જગત્‌ના પૂર્વ તથા પર એવં ભીતર, તથા બહાર બીરાજે છે તથા જગદ્રૂપ છે' ઇત્યાદિ વેદ, વ્યાસસૂત્ર તથા ઘણાંએ પુરાણનાં વાક્યો તેમ જ પ્રમાણ પ્રકરણીય બાલલીલાઓ કશા પણ બાધ વગર જણાવે છે કે ભગવાન્ કૃષ્ણ પૂર્ણાવતાર છે અંશાવતાર નહિ. તેમ જ અસ્મદાદિકમાં જેમ, તેમ આનન્દ એ માત્ર આત્માના ગુણ તરીકે ભગવાન્‌માં સ્થિતિ કરતો નથી, પણ આપનું શ્રીઅંગ, પ્રાણ, ઇન્દ્રિય, અન્તઃકરણ આ બધુંએ આનન્દરૂપ છે. તેમ જ જ્ઞાનસ્વરૂપ છે. તેમજ 'બ્રહ્મ ત્રિકાલાબાધિત તથા વિજ્ઞાન સ્વરૂપ છે' 'બ્રહ્માના આયુષ્યની સમાપ્તિ થયે મહાપ્રલય ઉપસ્થિત થતાં ચૌદ લોક મહાભૂતોમાં લીન થયે સતે, મહાભૂત પોતાના કારણભૂત અહઙ્કારમાં લીન થયે સતે, મહત્તત્વ પોતાના કારણભૂત પ્રકૃતિમાં લીન થયે સતે, પ્રકૃતિ આપમાં લીન થયે સતે, છેવટે આપ જ એકલા શેષસંજ્ઞાએ સ્થિતિ કરો છો' ઇત્યાદિ વાક્યોથી આપનું 'નિત્યપણું', 'આ પ્રભુ જ સર્વને આનન્દ ઉપજાવે છે' આ શ્રુતિથી 'આનન્દજનકપણું,' 'આ પ્રમાણે શ્રી કૃષ્ણચન્દ્રે, ગોપાલોની સાથે આનન્દાપ્લાવિત થઇને વૃન્દાવનની સમીપે શ્રીગોવર્ધન એવં શ્રીયમુનાજીના કિનારે પશુઓને ચરાવતાં રમણ કર્યું' 'હે રાજન્! શ્રીવૃન્દાવન, શ્રીગિરિરાજ અને શ્રીયમુનાજીના કિનારાઓને જોઇને શ્રીકૃષ્ણ અને બલદાઉ બન્નેને અતીવ આનન્દ થયો.' 'હે ગોપાઓ!

પુષ્પોની માલા વડે વિરચિત કાર્ણભૂષણ વડે જેના શ્રીમુખની શોભા અપૂર્વ થઈ રહી છે એવા શ્રીકૃષ્ણ, આનન્દમાં આવીને જગત્‌ને આનન્દમગ્ન બનાવતા સતા બલદેવજીની સાથે પર્વતનાં શિખરો ઉપર ઠાડા રહીને બંસી બજાવે છે ત્યારે નાદશ્રવણ કરનાર સમગ્ર જગત્‌ને તદાકાર કરી મૂકે છે' 'હે સખીઓ! યદુપતિ શ્રીકૃષ્ણ, વ્રજની ગાયોના દુરન્ત તાપને દૂર કરતા સતા, સાયંકાલ થયો છે માટે પ્રસન્નવદને ગજરાજની ચાલ ચાલતા, દિવસના અન્તમાં જગત્‌ના તાપને દૂર કરતા ચન્દ્રની જેમ, તેમ આપણી પાસે પધારી રહ્યા છે' ઈત્યાદિ વાક્યો વડે 'આનન્દત્ત્વ, પણ ઉપપન્ન થઈ રહે છે. તો પણ આનન્દત્વનો અને દેહત્વનો વિરોધ તો રહ્યો જ કે નહિ? પોતપોતાનાં અધિકરણ-આનન્દ યા દેહ આ બન્નેમાંથી કોઈ પણ એકમાં પ્રમાણોથી અગર આનન્દત્વ તથા દેહત્વની સિદ્ધિ થઈ શકતી હોય તો વિરોધ ક્યાં રહ્યો?

તો પણ આનન્દને ધર્મીરૂપ માન્યે તેનું ધર્મપણું શી રીતે રહી શકે? એમ જ કહેવું પણ ઠીક નથી. કારણ કે 'તે જેમ સિંધલૂણનો કકડો ભીતર તથા બહાર સમગ્ર રસઘન છે, તેમ અરે! આ આત્મા સમગ્ર પ્રજ્ઞાનઘન છે' 'જે સર્વજ્ઞ છે' આ બન્ને શ્રુતિઓમાં ભગવાન્‌ને જ્ઞાનરૂપ તથા જ્ઞાનના આધારરૂપ પણ વર્ણવ્યા છે, તેમ આનન્દને જ ધર્મ તથા ધર્મીસ્વરૂપ માનવામાં કશો વિરોધ છે નહિ. આ બધું વિસ્તારથી અમારા શ્રીપ્રભુચરણોએ વિદ્વન્મણ્ડનમાં પ્રતિપાદન કરેલું છે એટલે અત્રે વધારે વિસ્તાર કરાતો નથી. ॥ ૮ ॥

शङ्का:- વિવેક અને ધૈર્યનું રક્ષણ કરીને સ્થિતિ કર્યે પણ ભગવાન્ ભક્તને વશ થાય છે. તો પછી દૈન્યપૂર્વક આશ્રય શા માટે પ્રાર્થનીય છે? એમ આશંકીને સર્વ મનોરથપૂરક હોવાથી તથા સર્વવિધ ફલના માટે કામ્ય હોવાથી '**विवेक**' ઈત્યાદિ પદ્યથી કામરૂપે પ્રભુના આશ્રયની પ્રાર્થના કરાય છે.

विवेकधैर्यभक्त्यादिरहितस्य विशेषतः ।
पापासक्तस्य दीनस्य कृष्ण एव गतिर्मम ॥ ९ ॥

श्लोकार्थः- **विवेकधैर्यभक्त्यादिरहितस्य** વિવેક, ધૈર્ય, ભક્તિ વગેરેથી રહિત **विशेषतः** તેનાં સાધનોથી પણ રહિત **पापासक्तस्य** પાપમાં આસક્ત **दीनस्य** દરિદ્રી એવા **मम** મારી **गतिः** ગતિ **कृष्णः** શ્રીકૃષ્ણ **एव** જ (**अस्तु** થાઓ.)

प्रकाशः પૂર્વમાં પ્રભુના સ્વરૂપનો વિચાર કરી આશ્રય ઉપદેશીને હવે જીવસ્વરૂપના વિચારે આશ્રય ઉપદેશાય છે. ''ભગવાન્ પોતાની ઈચ્છાથી બધું કરશે, પ્રાર્થના નહિ' આવો નિશ્ચય તે વિવેક, 'સેવા કરવામાં પ્રતિબન્ધ કરતાં દુઃખોની નિવૃત્તિ કરવાનો ઉપાય ન આદરતાં આધિભૌતિકાદિ ત્રણે પ્રકારનાં દુઃખો સહવાં' તે ધૈર્ય, ફલરૂપા અને સાધનરૂપા ભક્તિ, 'આદિ' શબ્દથી પુણ્ય, આ બધાંથી રહિત, એટલું જ નહિપણ આ બધાનાં સાધનોથી પણ રહિત, અથવા, સાધનો હશે તોપણ થોડા પ્રમાણમાં, ફલ ઉપજાવી શકે તેટલા પ્રમાણમાં તો નથી જ. વળી રહ્યો દરિદ્રી એટલે કોઈ જાતનાં સાધનો સાધવાં યે બને નહિ. તેમ જ પાપમાં આસક્ત રહ્યો-ભૂલથી પાપ કરનારો નહિ-એટલે ફલ મલતું હોય તોએ અટકે. આવી સ્થિતિમાં આ જીવનો બેલી કોણ? કૃષ્ણ જ. કારણ કે બીજા માર્ગોમાં તો થોડું પણ આડુંઅવળું થઈ જાય તો કરેલા કર્મનું ફલ માર્યું જાય, દેવતા ચીડાય જાય, સાધકનું અનિષ્ટ કરી નાંખે, યા થોડું ફલ આપે, પણ કૃષ્ણ તો રહ્યા પરમ દયાલુ એટલે મારા જેવા અધમને યે સર્વ ફળનું દાન કરી દે; યા વિવેકાદિક

શીખવી યોગ્ય બનાવી પછી ફલદાન કરે, માટે મારે તો શ્રીકૃષ્ણનો જ આશ્રય જ રાખ્યે છુટકો.

शङ्काः- અત્ર ‘કૃષ્ણ મારા આશ્રય થાઓ’ એવું કહેનાર તો આચાર્યચરણ છે અને તેઓશ્રીને ‘વિવેકાદિથી રહિત’ વગેરે ઉપર્યુક્ત વિશેષણો લગાડવાં એ તો બને નહિ, ત્યારે તે વિશેષણોની સંગતિ શી? સાંભળો, આ સ્તોત્રનું પ્રણયન આચાર્યશ્રીએ જીવો માટે કરેલું હોવાથી, જેમ વેદમાં યજમાન તરફથી ભગવાન્ આજ્ઞા કરે કે ‘હાથ જોડીને હું શરણે પ્રાપ્ત થાઉં છું’ ‘હું તમને અનેકવાર નમસ્કાર કરું છું’ ‘હે વનસ્પતે! મારું કલ્યાણ થાઓ’ આ બધું કહેવામાં ભગવાન્‌ને કંઈ દોષ લાગુ પડતો નથી, કારણ કે આ વાક્યો યજમાનના તરફથી બોલાયાં છે. (કંઈ વનસ્પતિ પાસેથી જગત્કલ્યાણકર્તા પોતાની કલ્યાણની ભીખ માંગે?) તદ્વત્, આચાર્યશ્રી પણ અત્ર જીવોના માટે જીવોના તરફથી ભગવાન્ પાસે આશ્રય પ્રાર્થે છે. માટે ઉપર્યુક્ત વિશેષણોની સંગતિ જીવપરત્વે જ લગાડવી કે જેથી બધું નિર્દુષ્ટ બની રહે. ॥ ૯ ॥

शङ्काः- સર્વ પ્રકારે નિઃસાધન એવા જીવને શરણ ગયે પણ ફલસિદ્ધિ શી રીતે થઈ શક્શે? કારણ કે, ભગવાન્ તો જીવને તેથી કૃતિ અનુસાર ફલદાન કરે છે, ઉલટું, એક ભગવાન્‌ને જ શરણે ગયેલા અતએવ ભગવાન્‌માં જ મન લગાવી રાખનાર જીવથી સંભવ છે કે ક્યારેક બીજા દેવોનો અનાદર પણ થઈ જાય, અને તેથી તે દેવી પોતાનું અપમાન કરનાર જીવની ફલસિદ્ધિમાં બાધા પણ કરે, કારણ કે, ‘શ્રેયના માર્ગમાં અનેક વિઘ્નો નડે’ એમ આશંકીને મોક્ષમાં આપના સ્વરૂપનો લાભ થતો હોવાથી આપના સ્વરૂપનું મોક્ષરૂપપણું આજ્ઞા કરતાં તથા જીવો તરફથી આશ્રયની વિજ્ઞપ્તિ કરતાં

‘**सर्वसामर्थ्यसहितः**’ આ શ્લોકથી ઉપર્યુક્ત શઙ્કાનું સમાધાન કરે છે–

सर्वसामर्थ्यसहितः सर्वत्रैवाखिलार्थकृत् ।
शरणस्थसमुद्धारं कृष्णं विज्ञापयाम्यहम् ॥ १० ॥

श्लोकार्थः- **सर्वसामर्थ्यसहितः** સર્વ સામર્થ્યથી યુક્ત **सर्वत्र** બધે ઠેકાણે **एव** જ **अखिलार्थकृत्** સમગ્ર મનોરથોના પૂરણકર્તા આપ છો માટે **अहम्** હું (શ્રીવલ્લભ) **शरणस्थसमुद्धारं** શરણે સ્થિતિ કરનારનો સમ્યક્ ઉદ્ધાર કરનાર **कृष्णं** કૃષ્ણને **विज्ञापयामि** વિજ્ઞપતિ કરું છું.

प्रकाशः-સર્વ–સંપૂર્ણ,–અથવા, સર્વનું,–અથવા, સર્વ ઉપર–સામર્થ્ય ધરાવનારા, એટલે કે ભગવાન્ ઈચ્છાનુસાર સ્વતઃ પણ બધું કરે છે. જો મર્યાદા રક્ષવી હોય તો સ્વયં ભગવાન્ હોવાથી આપમાં જ્ઞાન, ઐશ્વર્ય વગેરે ધર્મ તો સિદ્ધ જ છે એટલે તેનું દાન કરીને પણ તેનું ફલ જીવને આપે. ક્યારેક અક્ષર બ્રહ્મસ્થિત જીવને પણ પોતામાં લઈ લ્યે. કારણ કે સર્વત્ર પોતાનું જ સામર્થ્ય છે. ‘હે અર્જુન! જે જે વસ્તુ વિભૂતિમત્ હોય, શોભાયુક્ત હોય, બલિષ્ઠ હોય તે તે મારા તેજના અંશથી ઉત્પન્ન થયેલી તું જાણ’ ‘હું સમગ્ર જગતનું ઉત્પત્તિ કારણ છું, મ્હારાથી બધું પ્રવર્તે છે’ ઈત્યાદિ વાક્યાનુસાર જેમાં સમગ્ર સામર્થ્ય રહેલું છે એવાં સુદર્શનાદિ આયુધો પણ આપની પાસે છે, તે વડે પણ ભક્તનાં અનિષ્ટોનું આપ નિવારણ કરે છે. કારણ કે ‘જેણે વિષ્ણુની ઉપાસના કરેલી છે એવા ભક્તની, કદિ નિષ્ફળ ન જનારાં એવાં શ્રીકૃષ્ણનાં સુદર્શનાદિ આયુધો સકલ આપત્તિઓમાંથી રક્ષા કરે છે’ આ વાક્યમાં તેવું પ્રતિપાદન કરેલું છે.

शङ्काः- સામર્થ્ય હોવા છતાંએ ક્યારેક આશ્રિતની રક્ષા ન કરે, યા,

મર્યાદામાર્ગથી જ ફલદાન કરે તેવી સ્થિતિમાં આશ્રય શા કામનો? ત્યાં કહેવાય છે- સર્વ દેશોમાં, વર્ણોમાં, આશ્રમોમાં અથવા કર્માદિ માર્ગોમાં નિખિલ અર્થની પૂર્તિ કરવી એવો આપનો સ્વભાવ છે. 'એકવાર પણ શરણ આવીને 'હું આપનો છું' એવું કહેનારને અભયનું દાન કરવું, એ મારું વ્રત છે, પછી શરણે આવનાર ચાહે તે હો' 'જેઓ સ્ત્રી, ઘર, પુત્ર, મિત્ર, પ્રાણ, ધન, આ લોક તથા પરલોકની દરકાર ન કરીને મારે શરણે આવ્યા તેનો ત્યાગ કરવાને હું કેમ તૈયાર થઈ શકું?' ઈત્યાદિ વાક્યોથી એકવાર પણ શરણે આવનારની આપ રક્ષા કરો છો. તો પછી શરણે આવીને ભક્તિ કરનાર ભક્તની રક્ષા કરે તેમાં તો કહેવું જ શું? મર્યાદામાર્ગથી ફલદાન કરવામાં પણ અન્યની અપેક્ષા રાખ્યા સિવાય-અનન્ય થઈને-ભજન કરનારને ભગવાન્ મર્યાદાની અપેક્ષા રાખ્યા સિવાય ફલદાન કરે છે. જ્યારે, 'વેદમાં કહેલું છે માટે ભજન કરવું જોઈએ' એમ વેદમર્યાદા સાચવવા ભજન કરનારને-પ્રેમથી જ નહિ-પ્રભુ, મર્યાદા પ્રમાણે ફલદાન કરે છે. કારણ કે 'જેઓ મને જે પ્રકારે ભજે છે તેઓને હું તે પ્રકારે ભજું છું' આ ગીતાના વાક્યમાં આપે પોતાની મર્યાદા તેવી જ ઉપદેશેલી છે, માટે કશી ક્ષતિ નથી. અતએવ 'લોકમાં પોતાનું ભક્તાધીનપણું બતલાવવા બાળલીલાઓવડે વ્રજના આનન્દને વધાર્યો' 'ત્યારપછી ભગવાન્ શ્રીકૃષ્ણે બલદેવજી સહિત સમાન વયના વ્રજના બાલકો સાથે વ્રજસ્ત્રીઓને આનન્દ ઉપજાવતાં ક્રીડા કરી' 'શ્રીકૃષ્ણનાં દર્શનથી ઉત્પન્ન થએલ પરમાનન્દને લીધે જેના હદયનો તાપ મટી ગયો છે, એવાં ગોપીજનો મનોરથના અન્તને પામ્યાં, અર્થાત્ ત્યારે તેમને કોઈ કામના રહી નહી' 'સર્વને મોક્ષનું દાન કરનાર મુકુન્દ મુક્તિને આપે છે, ક્યારે પણ ભક્તિને નહિ' 'હે માધવ! આપમાં અનન્ય

ભાવથી પ્રેમ કરનારા આપના ભક્તો ક્યારે પણ ભ્રષ્ટ થતા નથી, કારણ કે આપ તેના રક્ષક બનો છો અને તેથી જ તેઓ સમગ્ર વિઘ્નોના મસ્તક ઉપર પગ મૂકીને નિર્ભય થઈ વિચરે છે' 'મૃત્યુરૂપી વિષધર સર્પના ભયથી પલાયન થતા મનુષ્યે એવો કોઈ લોક પ્રાપ્ત ન કર્યો કે જ્યાં મૃત્યુનું ભય ન હોય, પરન્તુ આજ કોઈ અનિર્વચનીય ભાગ્યના ઉદય થવાથી આપનાં ચરણકમલને પ્રાપ્ત કરી તે નિર્ભીક થઈ નિદ્રા કરશે, કારણ કે આપના ચરણકમલના આશ્રય કરનારથી મૃત્યુ ઉલટું ડરે છે' 'જેના મનમાં આપ બીરાજો છો તે પુરુષશ્રેષ્ઠની સામે કોઈ દષ્ટિએ ફેંકી શકતું નથી' ઈત્યાદિ વાક્યો વડે મૃત્યુ અને યમ સરખા પણ ભગવદાશ્રય રાખનારની પાસે જઈ શકતા નથી તો બીજા દેવો તો શું વિઘ્ન કરવાના હતા. એટલે કે અનન્ય આશ્રય રાખનારના ઉપર ભગવાન્ સર્વસામર્થ્યવાળા બિરાજતા હોવાથી તેને કોઈ કશું કરી શકતું નથી. છતાં આટલો વિવેક અત્ર અનુસન્ધેય છે કે સર્વસ્વ નિવેદનપૂર્વક શરણે આવેલાનો આપ અનાયાસે ઉદ્ધાર કરે છે, જ્યારે સકૃત્ નામ પામીને જ શરણે આવેલાનો યથાકથંચિત્. આવા શ્રીકૃષ્ણને હું (જીવોના) આશ્રય બનવાની વિજ્ઞપ્તિ કરું છું. **'कृष्ण विज्ञापयाम्यहम्'** આવો સમ્બોધન પાઠ પણ સ્વીકારાયેલો છે. ત્યાં, 'હે શ્રીકૃષ્ણ! શરણે આવેલાનો આપ સમ્યક્ ઉદ્ધાર કરજો એમ વિજ્ઞપ્તિ કરું છું' એમ અર્થ કરવો. આવી વિજ્ઞપ્તિ કરીને આચાર્યશ્રી એક પરમ નિગૂઢ સિદ્ધાન્તનું સૂચન કરે છે કે, 'ઈશ્વરમાં જીવોએ હમેશાં દીનભાવ કરવો.' કારણ કે દૈન્યપૂર્વક કરેલું જ ઈશ્વરતોષનું કારણ બને છે. ॥ ૧૦ ॥

'જીવ માત્રને દશ પ્રાણ હોય છે અને આત્મા અગીઆરમો હોય છે' આ શ્રુતિથી દશ પ્રાણ જેમ 'બધું સાધનારા છે તેમ આ

કૃષ્ણાશ્રયસ્તોત્ર જ ભગવદીયોનું બધું સિદ્ધ કરી આપનારું છે, એવું જણાવવા શ્રીમહાપ્રભુજીએ દશ શ્લોકોવડે 'કૃષ્ણાશ્રયસ્તોત્ર' રચ્યું, અને આત્મા જેમ ક્ષયરહિત છે તેમ આ સ્તોત્રના પાઠથી થતું ફલ પણ અક્ષય છે એવું જણાવવા આત્મારૂપ અગીયારમાં શ્લોકવડે આપશ્રી આ સ્તોત્રમાં પાઠનું ફલ આજ્ઞા કરે છે.

कृष्णाश्रयमिदं स्तोत्रं यः पठेत्कृष्णसन्निधौ ।
तस्याश्रयो भवेत्कृष्ण इति श्रीवल्लभोऽब्रवीत् ॥ ११ ॥

श्लोकार्थः-**यः** જે કોઇ **इदं** આ **कृष्णाश्रयं** કૃષ્ણાશ્રય **स्तोत्रं** સ્તોત્રનો **कृष्णसन्निधौ** કૃષ્ણની સમીપમાં **पठेत्** પાઠ કરે **तस्य** તે પાઠ કર્તાના **आश्रयः** આશ્રય **कृष्णः** કૃષ્ણ **भवेत्** થાય **इति** આ પ્રમાણે **श्रीवल्लभः** શ્રીવલ્લભનું **अब्रवीत्** કહેવું છે.

प्रकाशः- બધામાંથી નિષ્ઠાનો ત્યાગ કરીને કૃષ્ણ સેવાય જે વડે, અથવા જે વડે કૃષ્ણનો આશ્રય સિદ્ધ થાય; અથવા જેથી કૃષ્ણ આશ્રય બને તે કૃષ્ણાશ્રય. આ જ કૃષ્ણાશ્રય છે. બીજું નહિ. કારણ કે કૃષ્ણાશ્રયનો યથાર્થ અર્થ આમાં જ નિરૂપાયેલો છે. કૃષ્ણના સાન્નિધ્યમાં અથવા કોઇ પણ ઠેકાણે બેસીને કૃષ્ણનિમિત્તે આ સ્તોત્રને જે ભણે તેના આશ્રય કૃષ્ણ થાય. અહીં લિઙ્લકાર હેતુહેતુમદ્ભાવમાં છે, એટલે કે, કૃષ્ણાશ્રય સ્તોત્રનો પાઠ જો થાય, તો કૃષ્ણનો આશ્રય સિદ્ધ થાય. અન્યના પાઠથી આ ફળ થશે નહિ, કારણ કે, આશ્રયના સ્વરૂપનું જ્ઞાન અન્યસ્તોત્રથી આવું થતું નથી. અલ્પાયાસસાધ્ય આ સ્તોત્રના પાઠમાત્રથી 'કૃષ્ણ આશ્રય બની જાય' આવું મહત્ ફલ શી રીતે થાય? એમ આશંકા કરવી નહિ. કારણ કે આવું કહેનાર શ્રીવલ્લભ છે. અત્ર આચાર્યશ્રી સ્વનામ નિર્દેશ કરીને એમ આજ્ઞા કરે છે કે, 'હું ભગવત્સરૂપનો જ્ઞાતા છું, કારણ કે સર્વ જીવોના ઉદ્ધાર માટે ભગવદાજ્ઞાને માનીને મેં ભૂતલપર પ્રાકટ્ય લીધેલું છે', એટલે મારું સ્વરૂપ પણ ઉદ્ધારક હોવાથી મારા વચનમાં અપ્રામાણ્ય શંકા કરવી નહિ. વળી, ભગવાન્ સત્યવક્તા છે તે પોતાની વાણીને અન્યથા કરે નહિ, એટલે કે ભગવદ્વાણ્યવતાર મારું વચન પ્રભુ અન્યથા કરે નહિ, કારણ કે, ભક્તો ઉપર સદા અનુગ્રહ કરનારા ભગવાને પ્રસંગવશાત્ નારદે કરેલાને પણ પોતે ર્ક્યા તુલ્ય માની વૃક્ષરૂપે સ્થિતિ કરી રહેલા નલકુબેર પાસે પધારી તે બન્નેનો ઉદ્ધાર ર્ક્યો, અને "તે તે જ પ્રમાણે હું સાધીશ જે પ્રમાણે ભગવદીય નારદજીએ તેઓને કહ્યું છે" ઈત્યાદિ આજ્ઞા કરી. તો પોતે જ જેને સર્વોદ્ધાર માટે ભૂતલ પર પ્રાકટ્ય લેવાની આજ્ઞા કરી છે અને પોતાના જ મુખારવિન્દ સ્વરૂપ એવા મારી કૃત્યનુસાર અથવા વચનાનુસાર શું શું નહિ કરશે" અર્થાત્ જે કંઈ વલ્લભાચાર્યશ્રીએ અસ્મદાદિક જીવોને કરવાનું અને પોતાના વચનોપર ભરોંસો રાખવા કહ્યું છે તે બધું શ્રીમદ્વલ્લભના કથન પ્રમાણે ભગવાન્ અસ્મદાદિકનું કરશે જ. એટલે શ્રીકલ્યાણરાયજી આજ્ઞા કરે છે, કે, સર્વનું મૂલ શ્રીમહાપ્રભુજી હોવાથી તેઓશ્રીના કૃપા થયે બધું સિદ્ધ થશે. આમ બધો સિદ્ધાન્ત દોષરહિત બને છે. ॥ ૧૧ ॥

श्रीमद्विठ्ठलनाथपादकमले संवन्द्य भक्त्या मुदा
कृष्णैकाग्रधियोथ तातचरणान् तादकृपितृव्यानपि ।
श्रीकृष्णा श्रयसंज्ञके स्तुतिवरे कल्याणरायाभिधः
श्रीगोविन्दसुतः प्रकाशमकरोद्भूयान्मुदे सद्धियाम् ॥ १ ॥

અર્થ :- શ્રીવિટ્ઠલનાથજી ઠાકોરજીનાં ચરણકમલને ભક્તિથી સમ્યક્ વંદના કરીને કૃષ્ણૈકતાન તાતચરણ શ્રીગુસાંઈજીને, તેમ જ કૃષ્ણૈક્તાન પિતૃવ્યચરણ શ્રીબાલકૃષ્ણજી પ્રભૃતિને પણ સહર્ષ

પ્રણમીને શ્રીગોવિંદસુત શ્રીકલ્યાણરાયસંજ્ઞક મેં, કૃષ્ણાશ્રય નામક ઉત્તમ સ્તોત્ર ઉપર પ્રકાશ કર્યો, તે ભગવદીયોના આનંદ માટે થાઓ.

આ પ્રમાણે શ્રીવિટ્ઠલનાથચરણકમલેકતાનશ્રીકલ્યાણરાયવિરચિત કૃષ્ણાશ્રય સ્તોત્ર પ્રકાશનો ગુર્જરાનુવાદ સમાપ્ત થયો.

श्रीकृष्णार्पणमस्तु ।